ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)

ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૨૭૦૭
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
**CORPORATE IDENTITY NO.U65910 GJ1980 SGC003957**
**EMAIL I.D.- gscscl.pp@gmail.com**
**Website-www.gscscl.gujarat gov.in**

ટેન્ડર દસ્તાવેજ (બિન તબદીલપાત્ર)

ટેન્ડર નોટીસ નં.નાપુની/પી.પી./પે.પંપ/ઇંધણ પુરવાની કામગીરી/ઇજારો/જાહેરાત/પ્રસિધ્ધિ/તા.

વર્ષ: ૨૦૧૮-૨૦૧૯ ના પેટ્રોલ પંપ ખાતે ઇંધણ પુરવાની કામગીરીના ઇજારા માટેનો ટેન્ડર દસ્તાવેજ

પેટ્રોલપંપનું નામ:

અનુક્રમ નંબર .:

કિંમત-રૂ. ૧,000/-

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)

ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૨૭૦૭
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
**CORPORATE IDENTITY NO.U65910 GJ1980 SGC003957**
**EMAIL I.D.- gscscl.pp@gmail.com**
**Website-www.gscscl.gujarat gov.in**

## ટેન્ડર દસ્તાવેજ (બિન તબદીલપાત્ર)

**અનુક્રમ નંબર**

ટેન્ડર નોટીસ નં.નાપુની/પી.પી./પે.પંપ/ઇંધણ પુરવાની કામગીરી/ઇજારો/જાહેરાત/પ્રસિધ્ધિ/તા. વર્ષ:૨૦૧૮-૨૦૧૯ ના પેટ્રોલ પંપ ખાતે ઇંધણ પુરવાની કામગીરીના ઇજારા માટેનો ટેન્ડર દસ્તાવેજ


| અ.નં | વિગતો | પાના નંબર |
|---|---|---|
| ૧ | ટેન્ડર નોટીસ/સુધારા નોટીસ | ૩-૪ |
| ૨ | રીવર્સ ઈ-ઓકશન માટેની માર્ગદર્શક સુચના | ૫-૯ |
| ૩ | વર્ષ- ૨૦૧૮-૨૦૧૯સામાન્ય શરતો | ૧૦-૧૬ |
| ૪ | વર્ષ- ૨૦૧૮ -૨૦૧૯કરારનામાનો નમૂનો | ૧૭-૨૫ |
| ૫ | ટેકનીકલ બીડ | ૨૬-૨૭ |
| ૬ | ટેન્ડરફોર્મ(ભાવ) | ૨૮ |
| ૭ | પરિશિષ્ટ-બ | ૨૯ |
| ૮ | વર્ષ૨૦૧૭-૧૮ દરમ્યાન થયેલ ખર્ચ તથા નોઝલની અંદાજીત સંખ્યા | ૩૦ |
| ૯ | ઇન્ડેમ્નીટી બોન્ડ | ૩૧-૩૩ |

**<u>નિગમ સંચાલિત પેટ્રોલ પંપો તેમજ ગેસ કેન્દ્રોની કામગીરીના ઇજારા માટેઇજારદારોની નોંધણી અને રીવર્સ ઇ-ઓકશનની જાહેર નિવિદા</u>**

(૧) અમદાવાદ શહેર તથા અમદાવાદ , ગાંધીનગર, આહવા-ડાંગ જિલ્લાઓ ખાતે નિગમ દ્વારા સંચાલિત પેટ્રોલ પંપો ખાતે પેટ્રોલ / ડીઝલ (ઓઇલ સાથે અલગ ઓઇલ વિના) તથા ગેસ જેવા ઇંધણો વાહનોમાં ભરવાની કામગીરી માટેસર્વિસ ચાર્જથી ડીલીવરી બોય/ કામદારો પુરા પાડવા (૨) તેમજ અમદાવાદ જિલ્લાના નવરંગપુરા અને સુરત જિલ્લાના સુરત ખાતેના ગેસ વિતરણ કેન્દ્રોના સીલીન્ડરના ૧૦૦% વજન કરી ઉતારવાના અને ગોડાઉનમાં રાખવા અને ગોડાઉન ખાતેથી ભરેલા સીલીન્ડર વાહનોમાં લઇને ગ્રાહકના ઘરે હોમ ડીલીવરી કરીને ગોડાઉનમાં ખાલી સીલીન્ડર પરત લઇ આવીને ગોઠવવાની કામગીરીનો ઇજારોતા.૩૧/૦૩/૧૯ સુધીના સમયગાળા માટે ઇજારો સુપ્રત કરવા માટે નિગમ ઇરાદો ધરાવે છે.રસ ધરાવનાર ઇસમોને ઓનલાઇન રજીસ્ટ્રેશન માટે ઇ-ઓકશન પોર્ટલ <u>http://gscsc-eauction.nprocure.com</u>પર તા.૦૫/૦૪/૨૦૧૮થી રજીસ્ટ્રેશન કરાવી યુઝર આઇડી બનાવવાનો રહેશે. ઇ-ઓક્શનની તારીખ ૧૩/૦૪/૨૦૧૮ રહેશે.

જનરલ મેનેજર

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ,
(ગુજરાત સરકારનું જાહેર સાહસ)
રજીસ્ટર્ડ ઓફીસ: સેક્ટર નં. ૧૦ એ, ચ રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર
ટે.નં.૦૭૯-૨૩૨૨૦૪૦૮ ૨૩૨૨૧૦૩૭ ૩૮ ફેક્સનંબર:૦૭૯ ૨૩૨૨૦૪૦૮ ૨૩૨૨૨૦૭
CIN U69510GJ1980SGC003957 web.www.gscscl.gujarat.gov.in

નિગમ સંચાલિત પેટ્રોલ પંપો તેમજ ગેસ કેન્દ્રોની કામગીરીના ઇજારા માટે ઇજારદારોની નોંધણી અને

# રીવર્સ ઇ-ઓકશનની જાહેર નિવિદામાં સુધારો

પેટ્રોલ પંપો તેમજ ગેસ કેન્દ્રના ઇજારા માટેની તારીખ ૩૧/૦૩/૨૦૧૮ ની જાહેરાતમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે. અગાઉ તા.૧૩/૦૪/૨૦૧૮ની રીવર્સ ઇ-ઓકશનની તારીખ રાખવામાં આવેલ હતી. પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે આ તારીખમાં સુધારો કરી હવે તા.૨૧/૦૪/૨૦૧૮ રાખેલ છે. તો ઇસમોને ઓનલાઇન રજીસ્ટ્રેશન માટે ઇ-ઓકશન પોર્ટલ http://gscsc-eauction.nprocure.comપર તા.૦૫/૦૪/૨૦૧૮થી રજીસ્ટ્રેશન કરાવાનું ચાલુમાં જ હોઇ યુઝર આઇડી બનાવવાનો રહેશે. ઇ-ઓકશનની તારીખ ૨૧/૦૪/૨૦૧૮ નો સુધારો કરવામાં આવેલ છે. આમાં રસ ધરાવતી પાર્ટીઓએ રજીસ્ટ્રેશન કરાવવુ.

જનરલ મેનેજર

નકલ રવાના :
પ્રતિ.
મેનેજર (MIS) તરફ જાણ સારુ, તેમજ આગળની કાર્યવાહી અર્થે.

**<u>વર્ષ ૨૦૧૮-૧૯ માટે પેટ્રોલ પંપ ખાતે ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારા અંગે માર્ગદર્શક સૂચનો</u>**

(A) ટેન્ડર ભાગીદારી પેઢી/ સહકારી મંડળી / રજીસ્ટર્ડ કંપનીની હેસિયતથી ભરવામાં આવેલ હોય તો ભાગીદારી પેઢીના કિસ્સામાં ભાગીદારી દસ્તાવેજ તથા અન્ય કિસ્સાઓમાં સંસ્થાના બંધારણની નકલ સામેલ કરવી.

(B) પ્રો.ફંડ કમિશ્નરની કચેરી દ્વારા કરવામાં આવેલ પ્રો.ફંડ નંબરની ફાળવણીના પત્રની નકલ.

(C) લેબર લાયસન્સ ફાળવણીના પત્રની નકલ. લેબર લાયસન્સનો નંબર અલાયદા પત્રથી ફાળવવામાંઆવેલહોય તો આવા નંબરની ફાળવણીના પત્રની નકલ તથા છેલ્લા એક વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નની નકલ .

(D) ઈ.એસ.આઈ. નંબરની ફાળવણી તથા રજીસ્ટ્રેશન નંબરની ફાળવણીના પત્રની નકલ .

(E) આવકવેરા કાયદા હેઠળ ફાળવવામાં આવેલ કાયમી ખાતા નંબરની વિગત દર્શાવતા પત્રની નકલ.

(F)ટેન્ડરર જો ભાગીદારી પેઢી/ સહકારી મંડળી / એજંસી હોય તો ટેન્ડરરે સેંટ્રલ એક્સાઈઝ એંડ કસ્ટમકચેરીમાંથી મેળવેલ સર્વિસટેક્ષ/GST રજીસ્ટ્રેશન નંબર ફાળવણીના પત્રની નકલ.

(G) પે.પંપ સંલગ્ન ડીલીવરી બોય પુરા પાડવાની કામગીરી માટે ભાગીદારી પેઢી/ સહકારી મંડળી / રજીસ્ટર્ડ કંપનીઅથવા કોઇ પણ ઇસમો વગર અનુભવે પણ ભાગ લઇ શકશે.

(H)રૂ. 3 લાખની બેંક સોલ્વંસી સર્ટીફિકેટ **(BANK SOLVANCY CERTIFICATE)**

(I) પંપ એટેન્ડન્ટ /ડિ.બોય પૂરા પાડવાની ક્ષમતા.

(j) ગુમાસ્તાધારા હેઠળના નોંધણી નંબરના પ્રમાણપત્રની નકલ.

(k)ટેન્ડર ફોર્મમાં નિયત જગ્યાએ ટેન્ડરરે માલિક હોય તો તેનો અને ભાગીદારપેઢી/મંડળી/કંપનીના કિસ્સામાં પેઢીએ નિગમ સાથેની કામગીરી માટે જેમને અધિકુત કર્યા હોય તે વ્યક્તિનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડવો.

૧: **અર્નેસ્ટમની ડિપોઝીટ:-**

(૧.૧) ટેન્ડર ભરનારે નીચે મુજબ ટેન્ડર અર્નેસ્ટમની ડિપોઝીટ ગયા વર્ષના ખર્ચના ત્રણ ટકા (૩ %) મુજબ જમાં કરાવવાના રહેશે.

| અ.નં | પેટ્રોલ પંપ | ઇએમડીની રકમ(રૂ.) |
|---|---|---|
| ૧ | સેકટર-૨૧ ગાંધીનગર | 1,45,000/- |
| ૨ | વાસણા, અમદાવાદ સીટી | 1,15,000/- |
| ૩ | વેજલપુર, અમદાવાદ સીટી | 1,08,000/- |
| ૪ | ડાંગ આહવા પેટ્રોલ પંપ | 50,000/- |

જે-તે પેટ્રોલ પંપમાટે ટેન્ડરમાં ઉપર જણાવ્યા મુજબ નિયત કરેલ અર્નેસ્ટમની ડીપોઝીટ ની રકમક્રેડિટકાર્ડ, ડેબીટકાર્ડ, નેટ બેન્કીંગ, RTGS, NEFT મારફતે ઈ-ઓકશન પોર્ટલ ( **https://gscsc-eauction.nprocure.com**)ના ઈ-વોલેટના ટ્રાન્સફર પેમેન્ટ ગેટવે થી જ જમા કરાવવાના રહેશે. ડ્રાફ્ટ/પે-ઓર્ડર કે અન્ય કોઇપણ રીતે ટેન્ડર ફીની રકમ કે અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ જમા કરાવી શકાશે નહિ.

ટેન્ડરર દ્વારા ઈ-ઓકશનમાં ભાગ લીધા બાદ એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરની અર્નેસ્ટમ મની ડીપોઝીટની રકમ બ્લોક થઇ જશે. જયારે તે સિવાયના અન્ય ટેન્ડરરોની અર્નેસ્ટમ મની ડીપોઝીટની રકમ આપોઆપ તેઓના ઈ-વોલેટમાં પરત થઇ જશે જે તેઓ અન્ય ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે ઉપયોગ કરી શકશે.

૧.૨ **e-auction** બીડ રજુ કરતા પહેલા ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ **RTGS, NEFT** ટ્રાન્સફરથી જમા કરવામાં આવશે નહિ તો તેવા ટેન્ડર રદ કરવામાં આવશેકોર્પોરેશન પાસે બાકી નીકળતી કોઇપણ લેણા ની રકમ ટેન્ડર ડીપોઝીટ તરીકે ગણી લેવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ.

૧.3 કોઇપણ ટેન્ડરર તેમનું e-auction નિયત સમયમાં ભરીને આપ્યા પછી તેમનું e-auction ન ખોલવાની કે પરત લેવા માટેની તેમની લેખિત/મૌખિક રજૂઆત માન્ય રાખવામાં આવશે નહિ તેમજ જેટલા e-auction બીડ આવ્યા હોય તે તમામ નિયમાનુસાર e-auction નિયત સમયમર્યાદા પૂર્ણથતા ખોલવામાં આવશે તે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૧.૪ e-auction પદ્ધતિ પૂર્ણ થયા બાદ કોઈ ટેન્ડરર તેમના ભાવ પાછા ખેંચી લઇ શકશે નહિ. જો ટેન્ડરર તેમ કરશે તો તેમની અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને આવા ટેન્ડરરને વર્ષ ૨૦૧૮-૧૯ના ઈજારા માટે લાયક ગણવામાં આવશે નહિ.

૧.૫ જે ટેન્ડરર ભાવ સ્વીકારવામાં આવશે તે પછીના ક્રમમાં ભાવો આપનાર એલ.૧ સિવાયના અન્ય ટેન્ડરરોની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ e-auction પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. જે-તે પેટ્રોલ પંપ માટે એકથી વધુ ઈજારા સુપ્રત કરી શકાશે જેથી તેવા ઈજારદારે અર્નેસ્ટમની

ડીપોઝીટની રકમ જાણ કર્યેથી તુરંતજ જમા કરાવવાની રહેશે. જો તેમ નહિ કરવામાં આવે તો તેઓને વર્ષ દરમિયાન ની ડી-બોયપુરા પાડવાની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે.

૧.૬ જેમનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે તેવા ટેન્ડરરને જાણ કર્યાની તારીખથી દિવસ-૭ સુધીમાં જરૂરી સિક્યોરિટી ડીપોઝીટ જમા કરાવી નિયત નમૂનામાં કરારનામું જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ-૧) અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી/સીટી મેનેજરશ્રી સાથે કરવાનું રહેશે. સાત દિવસ બાદ કરારખત કરવાના સંજોગોમાં બીજા દિવસથી પ્રતિ દિન રૂ. ૧૦૦૦/- (અંકે રૂ. એક હજાર પુરા) નો દંડ કરવામાં આવશે. આ જોગવાઈનો લાભ કરારખત કરવા માટે આપેલ સમય મર્યાદા ઉપરાંત દિવસ ૭–સાત સુધીજ મળવા પાત્ર રહેશે. ત્યારબાદ આ જોગવાઈનો લાભ મળશે નહિ. આ રીતે આપેલ સમયમર્યાદામાં જરૂરી સલામતી થાપણ જમા કરાવી નિયત નમૂનામાં કરારખત નહિ કરનાર ટેન્ડરરની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે અને તેના ખર્ચે અને જોખમે કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

**૨: (૨.૧)<u>ટેન્ડરના ભાવો:-</u>**

ટેન્ડરરોએ પેટ્રોલ પંપો ખાતે ઇંધણ ભરવાની તેમજ ગ્રાહકલક્ષી સેવાઓ અંગેની કામગીરી માટે નિગમ / પે.પંપઇન્ચાર્જની સુચના અનુસાર ડિલીવરી બોય/કામદાર પુરા પાડવા લઘુત્તમ વેતન ધારા/ઓઈલ કંપની/રાજ્ય સરકારનાલઘુત્તમ વેતન ધારા મુજબ વખતોવખત થતા ફેરફાર અનુસાર જેનો લઘુત્તમ વેતનધારા મુજબનો ભાવ વધુ હોય તે મુજબની રકમચુકવવાની રહેશે , તથા તે સંલગ્ન તમામ રજીસ્ટરો તેમજ વિવિધ કાયદાઓ મુજબની અમલવારી માટે જે કાંઇરજીસ્ટર નિભાવવાના થાય તે નિભાવવાની કામગીરી કરવાની રહેશે અને તે માટેમહેનતાણાના /સર્વિસચાર્જ ની રકમ દરખાસ્ત કરવાની રહેશે.

(૨.૨)નિગમ સંચાલિત પેટ્રોલ પંપો ખાતે ઇજારદાર દ્વારા પેટ્રોલ પંપની જરૂરિયાત મુજબ નિગમના પ્રતિનિધી/પેટ્રોલપંપ ઇન્ચાર્જદ્વારા સૂચવવામાં આવે તેટલી સંખ્યામા ડી.બોય પૂરા પાડીને પે.પંપ ખાતે આવતા ગ્રાહકોના વાહનોમાં ઈંધણભરવાનું રહેશે. આ માટે ગ્રાહકો પાસેથી ઈંધણ ભરવાના બદલામાં નિયત દરથી નક્કી કરાયેલ રકમ વસૂલ કરવાની રહેશે અને પે.પંપ ઈંચાર્જને દરેક શિફ્ટના અંતે હિસાબ આપવાનોરહેશે.ઈંધણ ભરવા ઉપરાંત ઈજારદાર તરફથી પે.પંપ ખાતે નિગમના પ્રતિનિધી/પેટ્રોલપંપ ઇન્ચાર્જ જણાવે તે મુજબગ્રાહકલક્ષી સેવાઓ પણ આપવાની રહેશે.પે.પંપના નોઝલની અંદાજીત સંખ્યાનીમાહિતી પત્રક-૧ માંસામેલ છે.

(૨.૩) ટેન્ડરરે ઓઇલ કંપનીના લઘુત્તમ વેતનધારા હેઠળના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ અન-સ્કિલ્ડ ડીલીવરી બૉયને ઓઇલ કંપનીના લઘુત્તમ વેતનધારા મુજબ ચુકવણુ કરવાનું રહેશે અને તેમાં ઑઇલ-કંપની / રાજ્ય સરકારનાલઘુત્તમ વેતનધારા મુજબવખતોવખત થતા ફેરફાર અનુસાર જેનોલઘુત્તમ વેતનધારા મુજબનો ભાવ વધુ હોય તે અનુસાર ચુકવણુ કરવાનું

રહેશે.

## ૩. <u>રીવર્સ ઈ-ઓકશન બીડ:-</u>

રીવર્સ ઈ-ઓકશન બીડ મજુરી કામના ઈજારા માટે રીવર્સ ઈ-ઓકશન શીડયુલ માં જણાવ્યા મુજબના તારીખ અને સમય મર્યાદામાં રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિ અનુસાર ઓનલાઈન જ રજુ કરવાના રહેશે. રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી ઓનલાઈન ભાવો પણ કોઇપણ કારણસર ટેન્ડરર ભરી શકશે નહિ તો તેમનું ટેન્ડર માન્ય ગણાશે નહિ.

(૩.૧) <u>રીવર્સ ઈ-ઓકશનમાં ભાગ લેવા બાબત:-</u>

રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી ભરેલ ભાવ ઈ-ઓકશન સમય મર્યાદામાં એકથી વધુ વાર આપી શકશે અને જે તે ઓકશનમાં ટેન્ડરરે અગાઉ ભરેલ ભાવ થી ઓછા ભાવ ઓછામાં ઓછા ઘટાડાના ગુણાંકમાં ઘટાડા મુજબ કરવાના રહેશે. અગાઉના ભાવથી ઘટાડવામાં આવેલ ભાવમાં વધારો કરી શકાશે નહિ.

૪. **<u>ટેન્ડરના ભાવ અંગે સમય મર્યાદા</u>** :

e-auction માં આપેલ ભાવો e-auction પૂર્ણ થયાની તારીખ થી <u>૯૦(નેવું)</u> દિવસ સુધી અમલી ગણાશે અને આ સમય દરમિયાન ટેન્ડરર તેમના ભાવો પાછા ખેંચી શકશે નહિ, સમયના અર્થઘટન અંગે ઇન્ડિયન લીમીટેશન એક્ટની જોગવાઈઓ લાગુ પડશે.

**૫<u>ટેન્ડરની સ્વીકૃતી:-</u>**

(૫.૧)ટેન્ડરમાં આવેલ ભાવો મંજૂર કર્યા અંગેની લેખિત જાણ જે-તે ટેન્ડરરને કરવામાં આવશે.આવી જાણ સામાન્ય રીતે હાથોહાથ, આર.પી.એ.ડી.,યુ.પી.સી.,ટપાલ દ્વારા કરવામાં આવશે. ટપાલ મળવામાં વિલંબ થાય તો તે માટે કોર્પોરેશન જવાબદાર રહેશે નહી.

(૫.૨) કોઈપણ ટેન્ડર પૂરેપૂરૂ સ્વીકારવું અગર તો એક થી વધુ ટેન્ડરના ભાવો માન્ય રાખવાનો કોર્પોરેશનને અબાધિત હકક રહેશે અને આ રીતે મંજૂર થયેલા ટેન્ડરો તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૫.૩) શક્ય હશે ત્યાં સુધી એક ટેન્ડરના ભાવો મંજૂર કરવા પ્રયત્ન કરવામાં આવશે છત્તાં કોર્પોરેશનને યોગ્ય લાગે તો અલગ-અલગ કામગીરી માટે એક કરતા વધારે કોંટ્રાક્ટરની નિમણૂંક કરી શકશે અને તે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૫.૪) કોઈપણ ટેન્ડર સ્વીકરવું અગર તો તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો કોર્પોરેશનને અબાધિત હકક રહેશે આમાં સૌથી નીચા ભાવનું ટેન્ડર સ્વીકારવું કે નહી તેનો પણ સમાવેશ થાય છે.

(૫.૫) કોર્પોરેશન જરૂર પડે અન્ય જે કોઈ કે જે ટેન્ડરની શરત અનુસાર જરૂરી હોય તેમજ સરકારશ્રી દ્વારા ઘડવામાં આવેલ કાયદાઓના પાલન માટે પણ જરૂરી હોય,તે દસ્તવેજો માંગવામાં આવે તો

માંગ્યા તારીખથી દિન-૩ (ત્રણ)માં રજૂ કરવાના રહેશે.જેમાં નિષ્ફળ જનાર ટેન્ડરરનું ટેન્ડર રદ કરવાનો કોર્પોરેશનને અધિકાર રહેશે.

(૫.૬) રજીસ્ટ્રેશન માટે e-auction પોર્ટલ ઉપર બીડેલ પ્રમાણિત કરેલ દસ્તાવેજો ઓનલાઈન જોવામાં આવશે. અને જો કોઇ ઉણપ જણાશે કે દર્શાવેલ માહિતી ખોટી અથવા અધુરી જણાશે અથવા દર્શાવેલ પ્રમાણપત્રો પુરા પાડવા ઈ-મેઈલથી જણાવવામાં આવશે જેની ક્ષતિપુર્તતા તાત્કાલિક ઈ-મેઈલથી કરવાની રહેશે. જે ટેન્ડરર દ્વારા નહિ કરવામાં આવે તો તેવા ટેન્ડરરનું રજીસ્ટ્રેશન અમાન્ય ગણવા માટે વિચારણા કરી શકાશે અને તે અંગે નો આખરી નિર્ણય ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(૫.૭)**ઈજારો મંજુર થયે કોન્ટ્રાકટરે કરારખતની શરત માં ઉલ્લેખ કર્યા મુજબના એક મુકાદમ (સુપરવાઈઝર) તથા ઓછામાં ઓછા**ડિ.બોય **રોજીંદી કામગીરી માટે પુરા પાડવાના રહેશે. આ ઉપરાંત નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨) અને** પેટ્રોલ પંપ**મેનેજર/**ઇન્ચાર્જશ્રી**જણાવે તે પ્રમાણે અને તેટલી સંખ્યામાં વધારાના** ડિ.બોય **પુરા પાડવાના રહેશે.**

નિગમ દ્વારા રોજેરોજ જેટલા ડિ.બોય પુરા પાડવાનું જણાવવામાં આવે તે કરતા ઈજારદાર દ્વારા જેટલાડિ.બોયઓછા પુરા પાડવામાં આવશે તેટલા ડિ.બોય માટે પ્રતિ દિન/પ્રતિ ડિ.બોય દીઠ રૂ. ૫૦૦/- ની પેનલ્ટી(દંડ) કરવામાં આવશે. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

તા. / /૨૦૧૮ **ટેન્ડરરની સહી અને સિક્કો**

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૨૭૦૭
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
**CORPORATE IDENTITY NO.U65910 GJ1980 SGC003957**
**EMAIL I.D. - gscscl.pp@gmail.com**
**Website-www.gscscl.gujarat gov.in**

## વર્ષ ૨૦૧૮-૧૯ ના પેટ્રોલપંપ ખાતે ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારા માટેની સામાન્ય શરતો:-

(૧) **વ્યાખ્યા:** (ક) **કોર્પોરેશન-નિગમ:**- ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ખ)**ટેન્ડરર-કોંટ્રાક્ટર:**- ટેન્ડર નોટીસના સંદર્ભમાં ટેન્ડર ભરનાર આસામી અથવા કંપની.સહકારીમંડળી ટેન્ડરર ગણાશે,જે ટેન્ડરરના ભાવો માન્ય રાખવામાં આવશે,તેકોંટ્રાક્ટર ગણાશે.

(ગ) **કરાર:**- આ સાથે સામેલ કરેલા પરિશિષ્ટ મુજબની કોર્પોરેશન અને કોંટ્રાક્ટરે સહી કરેલો દસ્તાવેજ,જેમાં ટેન્ડર નોટીસ, ટેન્ડર માટેની માર્ગદર્શક સૂચનાઓ તથા સામાન્યશરતોનો સમાવેશ થશે.

(૨) નીચે જણાવેલ જિલ્લાઓમાં નિગમ સંચાલિત પે.પંપ ખાતે ઈંધણ ભરવાની કામગીરી માટે ઈજારદારની નિમણૂંક કરવામાં આવશે.

| અ.નં. | પે.પંપનું નામ |
|---|---|
| ૧ | સેકટર-૨૧ ગાંધીનગર |
| ૨ | વાસણા, અમદાવાદ સીટી |
| ૩ | વેજલપુર, અમદાવાદ સીટી |
| ૪ | ડાંગ-આહવા, પેટ્રોલ પંપ |

**(3)ઈજારાની મુદત:-**

(૩.૧) ઈજારાની મુદત કામગીરી સુપ્રત કર્યા તારીખથી ૩૧/03/૨૦૧૯ સુધીના સમયની રહેશે.

(૩.૨) નિયત કરેલ ઈજારાની મુદતમાં જરૂર જણાયે કોર્પોરેશન કોંટ્રાક્ટરને લેખિત જાણ કરી વધુમાં વધુ

ત્રણમાસનો વધારો કરી શકશે, જે કોંટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.
(૩.૩) ઈજારાની મુદત પૂરી થાય તે પહેલા કોર્પોરેશન કોઈપણ કારણસર લેખિત નોટીસ આપી ઈજારો રદ કરીશકશે અને તે માટે કોઈ વળતર મેળવવાનો હક્ક કોંટ્રાક્ટરને રહેશે નહી.

(૩.૪) નિયત કરેલી ઈજારાની મુદત પૂરી થવાના ત્રણ માસ અગાઉ જો કોંટ્રાક્ટર ચાલુ ભાવથી વધુ એક વર્ષમાટે કામ કરવા ઈચ્છા દર્શાવે અને કોર્પોરેશનને તે યોગ્ય જણાશે તો ઈજારાની મુદત વધુ એક વર્ષ લંબાવીશકાશે,આ મુદત લંબાવવી કે કેમ? તે અંગેનો હક્ક કોર્પોરેશનને અબાધિત રહેશે અને તે અંગેનોકોર્પોરેશનનો નિર્ણય આખરી ગણાશે.

<u>૪. સિક્યુરીટી ડિપોઝીટ:-</u>

(૪.૧) જેમનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે,તેવા ટેન્ડરરને જાણ કર્યાની તારીખથી દિવસ-૭ (સાત)માં નીચે મુજબ નિયત કરેલ જરૂરી સિક્યુરીટી ડિપોઝીટ જમા કરાવી નિયત નમૂનામાં કરારનામું કરવાનું રહેશે.

| અનું.નં | પેટ્રોલ પંપ | સલામતી થાપણ (રૂ.) |
|---|---|---|
| ૧ | સેકટર-૨૧ ગાંધીનગર | ૫,૫૦,૦૦૦/- |
| ૨ | વાસણા, અમદાવાદ સીટી | ૩,૫૦,૦૦૦/- |
| ૩ | વેજલપુર,અમદાવાદ સીટી | ૩,૫૦,૦૦૦/- |
| ૪ | ડાંગ-આહવા, પેટ્રોલ પંપ | ૨,૦૦,૦૦૦/- |

કરારખત કરવાના સંજોગોમાં બીજા સાત દિવસ સુધી પ્રતિદિન રૂ.૫૦૦/-(રૂ.પાંચસોપૂરા)નોદંડ કરવામાં આવશે.આ જોગવાઈનો લાભ કરારખત કરવા માટે આપેલ સમયમર્યાદા ઉપરાંત૭(સાત) દિવસસુધી જ મળવાપાત્ર રહેશે. ત્યારબાદ આ જોગવાઈનો લાભ મળશે નહી. આ રીતે આપેલસમયમર્યાદામાં જરૂરીસલામતી થાપણ જમા કરાવી નિયત નમૂનામાં કરારખત નહી કરનાર ટેન્ડરરનીટેન્ડરઅર્નેસ્ટમનીની ડિપોઝીટજપ્ત કરવામાં આવશે,તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયકગણવામાં આવશે અને તેનાખર્ચે અને જોખમેકામગીરી પૂર્ણ કરવામાં આવશે.

(૪.૨) આ ડિપોઝીટની રકમ ઈજારાની મુદત પૂરી થયા બાદ પે.પંપના હિસાબોનું ઓડિટ થયા બાદ પરતકરવામાં આવશે. આ માટે નિગમ માંગે તે પ્રકારે અને તે નમૂનામાં એટલે કે નિગમે નક્કી કરેલ ઈન્ડેમનીટીબોન્ડ્ ભરી આપ્યા બાદ જ ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે.અને તે સામે કોંટ્રાક્ટર કોઈ વાંધો લઈશકશે નહી.
(૪.૩) દર વર્ષે અલગ ડિપોઝીટ જમા કરાવવાની રહેશે. અગાઉના વર્ષની જમા ડિપોઝીટ નવા ઈજારા સામેગણવામાં આવશે નહી.
(૪.૪) કોંટ્રાક્ટરના જો કોઈપણ જિલ્લાનાં કોઈ બીલો બાકી હોય તો તે ડિપોઝીટ રૂપે ગણવાની માંગણી માન્યરાખવામાં આવશે નહી.

<u>૫. કરારનામું:-</u>

(૫.૧) જે ટેન્ડરરના ભાવો માન્ય રાખવામાં આવે તેમણે ઈજારા મંજૂર થયાની જાણ થયેથી દિન-૭ માં આસાથેબીડેલા પરિશિષ્ટના નમૂના મુજબનો કરાર તેમજ નિગમ દ્વારા કાયદાપાલન અંગે નિયત કરેલ એફીડેવીટ જરૂરીસ્ટેમ્પ પેપર ઉપર કરી આપવાનો રહેશે.

(૫.૨)આ કરાર માટેની થતી સ્ટેમ્પડ્યુટીનો ખર્ચ કોંટ્રાક્ટરે ભોગવવાનો રહેશે અને સ્ટેમ્પડ્યુટી અંગેની તમામ જવાબદારી તેઓની રહેશે.

(૫.3) ઈજારો મંજૂર થયા બાદ સીક્યુરીટી ડિપોઝીટની રકમ જમા કરાવી કરારનામું નિયતસમયમર્યાદામાં કરવામાંનિષ્ફળ જાય તો ટેન્ડરરનીટેન્ડર અર્નેસ્ટમનીનીડિપોઝીટજપ્તકરવામાં આવશે.આવાટેન્ડરરોનેભવિષ્યનીકામગીરી માટે લાયક ગણવામાં આવશે નહી. આસંજોગોમાં અન્ય રીતેઅન્યપાસે નિગમને જે નાણાંકીયનુકશાન જશે તે નિષ્ફળ જનાર ટેન્ડરરપાસેથી વસૂલ કરવામાં આવશે.

(૫.૪) જે ઈજારદારને ભૂતકાળમાં બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા છે,તેમને તથા આ ઈજારદાર અથવા ઈજારદાર પેઢીનાકોઈપણ ભાગીદાર/ડીરેક્ટરોનો જે પેઢીમાં ભાગીદાર/ડીરેક્ટર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોય તે પેઢીને આ કામગીરી સુપ્રત કરવામાં આવશે નહી.

<u>૬ કામગીરીની વિગતો:-</u>

(૬.૧) કોર્પોરેશનના અધિકુત અધિકારી /કર્મચારીની સૂચનાઓ ,જે મૌખિક અગર લેખિત હોય તો તે આખરી ગણાશે.

(૬.૨) કોંટ્રાક્ટરે તેમને સુપ્રત કરવામાં આવેલી કામગીરી નિયત સમય મર્યાદામાં પૂરી કરવાની રહેશે,તેમાં કસૂર થયે કોર્પોરેશન કોંટ્રાક્ટરના ખર્ચે અને જોખમે જરૂર પડે વધુ ભાવો ચૂકવી ને પણ કામગીરી પૂરીકરાવશે અને તે અંગેની સઘળી જવાબદારી કોંટ્રાક્ટરની રહેશે,જે વધારાનો ખર્ચથાય તે કોંટ્રાક્ટરપાસેથી કોર્પોરેશન વસૂલ કરી શકશે.

(૬.3)કોર્પોરેશનના અધિકુત/પેટ્રોલ પંપ ઇંન્ચાશ્રી અધિકારી જણાવે તે મુજબના ડીલીવરીબોય રોજેરોજ પૂરા પાડવાનારહેશે.કોંટ્રાક્ટર દ્વારાપૂરા પાડવામાં આવેલ કામદારને તેમજ અન-સ્કિલ્ડ ડીલીવરી બૉયને ઓઇલ કંપનીના લઘુત્તમ વેતનધારા મુજબ ચુકવણુ કરવાનું રહેશે અને તેમાં ઑઇલ-કંપની / રાજ્ય સરકારનાલઘુત્તમ વેતનધારા મુજબ વખતોવખત થતા ફેરફાર અનુસાર જેનો લઘુત્તમ વેતનધારા મુજબ થતો ભાવ વધુ હોય તે અનુસાર ચુકવણુ કરવાનું રહેશે .લઘુત્તમ વેતનધારા મુજબ જે કોઈ ચૂકવણું કરવામાં આવે તેની સંપૂર્ણજવાબદારી કોંટ્રાક્ટરની રહેશે.આ સંદર્ભમાં લઘુત્તમ વેતનકાયદા ,વેતન ચૂકવણીના કાયદા,કોંટ્રાક્ટ લેબરનિયમન અને નાબૂદી ૧૯૭૦ કાયદા,પ્રોવિડંટ ફંડકાયદા,ગ્રેજ્યુઈટી કાયદા,ઈ.એસ.આઈ.કાયદા,શોપ્સ એન્ડએસ્ટાબ્લીશમેંટ કાયદા અને રાજ્ય તથા કેન્દ્રસરકારના અન્યતમામ લાગુ પડતા કાયદાની જોગવાઈઓનુંપાલન કરવાની

જવાબદારી કોંટ્રાક્ટરની રહેશે.આકાયદાઓની જોગવાઈ હેઠળ નિભાવવાના થતા તમામદસ્તાવેજો કોંટ્રાક્ટર નિભાવશે અને આદસ્તાવેજો નિગમના પ્રતિનિધીને સુપ્રત કરવાના રહેશે. ઈજારાની મુદતપૂર્ણ થયેથી કોંટ્રાક્ટર દ્વારા રોકવામાં આવેલ ડિ.બોય કોંટ્રાક્ટરે પરત લઈ જવાના રહેશે. આ બાબતે કોર્પોરેશનનીકોઈ જવાબદારીરહેશે નહી. કોંટ્રાક્ટર દ્વારા ઉપયોગમાં લેવાતા ડી.બોયની કોઈપણ પ્રકારની ગેરવર્તણૂંકના કારણેકોર્પોરેશનને નાણાંકીય નુકશાન થાય /પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેમજ જે કોઈ નાણાંકીય નુકશાન થાય,તેનિગમ ઈજારદાર પાસેથી હરકોઈ પ્રકારે વસૂલ કરી શકશે તેમજ તેવા કારણોસર ઈજારો રદ કરવા સહીતની શિક્ષાત્મક કાર્યવાહી કોર્પોરેશન કરી શકશે.

(૬.૪) નિગમના કોઇપણ અધિકારી દ્વારા કોન્ટ્રાકટર તરફથી પૂરા પાડવામાં આવેલ ડિલીવરી બોય/કામદાર દ્વારાપેટ્રોલ/ડિઝલ/ઓઇલ વિગેરેની ચોરી કરતા માલુમ પડશે તો તેટલા જથ્થાની થતી રકમની ૨૦(વીસ) ગણી રકમ અમો ઇજારદાર (કોન્ટ્રાકટર) પાસેથી વસુલ કરી શકશે તે અમોને કબુલ મંજુરઅને બંધનકર્તા રહેશે.

(૬.૫)ઇજારદાર (કોન્ટ્રાકટર) તરફથી પૂરા પાડવામાં આવેલ ડિલીવરી બોય/કામદાર દ્વારા ગ્રાહક કે કર્મચારી સાથેગેરવર્તણૂક કરવામાં આવે તો પ્રત્યેક કેસ દિઠ રૂ.૧૦,૦૦૦/- સુંધી કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરી શકશે અનેસદર ડિલીવરી બોય/કામદારને તાત્કાલીક અસરથી સદર પે.પંપ ઉપરથી દૂર/ટર્મિનેટ કરવામાં આવશે. તેઅમોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે તેમજ ઇજારદાર(કોન્ટ્રાકટર) તરફથી સદર બાબતે કોઇપણ જાતનોવાદ/વિવાદ કે તકરાર ઉભી કરવામાં આવશેનહી.

(૬.૬)ઇજારદાર (કોન્ટ્રાકટર) તરફથી પૂરા પાડવામાં આવેલ ડિ.બોય/ કામદાર દ્વારા પે.પંપ ઉપર આવતાગ્રાહકોનેઓછી માત્રામાં પેટ્રોલ/ડિઝલ/ઓઈલ આપવાનું ધ્યાન ઉપરઆવે અથવા તપાસ દરમિયાનજણાય તો સદરડિ.બોય/ કામદારને તાત્કાલિક અસરથી દૂર કરી તેની સામે કોર્પોરેશનના અધિકૃતઅધિકારી ફોજદારી કાર્યવાહીહાથ ધરી શકશે અને તેના દંડ પેટે પ્રત્યેક કિસ્સા દીઠ રૂ.૧૦,૦૦૦/-(દસહજાર પૂરા) દંડ તરીકે અમારી પાસેથીવસૂલ કરી શકશે,તે અમોને (કોંટ્રાક્ટર)કબૂલ મંજૂર છે,અમારા તરફથી પૂરા પાડવામાં આવેલ ડિ.બોય/ કામદારદ્વારા બીજી વખત ઉક્ત બાબત/હકીકતધ્યાન ઉપર આવે તો કોર્પોરેશન કરાર રદ કરી શકશે અને સીક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરી શકશે અનેઅમોને બ્લેકલિસ્ટ કરી શકશે,જે અમોને કબૂલ,મંજૂર અને બંધનકર્તા છે.

(૬.૭)કરારનામું થયેથી કામગીરીની વિગતો અધિકૃત અધિકારી/કર્મચારી પાસેથી મેળવી તેઓની સૂચનામુજબ કામગીરી શરૂ કરવાની રહેશે.

(૬.૮)આ કમીશન કરાર અન્વયેની કામગીરી માટે રાખેલ કામદારોને કરવામાં આવતા ચુકવણામાંથી પ્રો.ફંડની જેકપાત કરવામાં આવે તે માટે ધી એમ્પ્લોઇઝ પ્રોવીડન્ટ ફંડ એન્ડ મીસીલીનીયસ એકટ૧૯૫૨ ની જોગવાઇઓઅનુસાર અલગ કાર્ડ નંબર ધરાવવાનો રહેશે અને તેમાં કામદારો અનેકોન્ટ્રાક્ટર તરીકેનો પ્રો.ફંડ ફાળો આમ સંયુક્ત રીતે કુલ ફાળો જમા કરવાનો રહેશે.અને તેના ચલણનીએક નકલ કોર્પો.ના અધિકૃત અધિકારીનેઆપવાની રહેશે, તેમજ આ કાયદા હેઠળ રાખવા પડતાતમામ પ્રકારના દસ્તાવેજો,પત્રકો,રજીસ્ટરો,એક તરફ વાળાએ નીભવવાના રહેશે અને તે બાબતનીસંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. આ બાબતે વખતોવખત ભરવાના થતા

રીટર્નો નિયમીત રીતેભરવાની અને કોર્પો.ના અધિકારી પાસે તેની ખરાઈ કરવાની જવાબદારી એક તરફ વાળાની રહેશે.

(૬.૯)કોન્ટ્રાક્ટરને પે.પંપ ઉપરથી ડિલીવરી કામના ઈજારાની કામગીરી માટે પ્રો.ફંડ નંબર ધરાવતા હોવાજોઇએ.

(૬.૧૦)કોન્ટ્રાકટરે જે સ્થળે કોન્ટ્રાકટ લેબર એક્ટ હેઠળ લાગુ પડે તે સ્થળે તે કામ અંગેનું કોન્ટ્રાક્ટ

લાઇસન્સ લેવાનું રહેશે.

(૬.૧૧)કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટ લેબર(નિયમન અને નાબુદી ધારો) ૧૯૭૦ ની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલનકરવાનું રહેશે. અને કાયદા હેઠળ નિયત કરેલ કામદારોની સંખ્યા કરતા વધુ કામદારો રાખેલ હશે તો જે તે સક્ષમઓથોરીટી પાસે જરૂરી ફી તથા સીક્યોરીટી ડિપોઝીટ ભરી તે અંગેનું લાયસન્સ કોન્ટ્રાકટરે મેળવી લેવાનું રહેશે અને તેની એક નકલ કોર્પોરેશનને આપવાની રહેશે.

(૬.૧૨) દરેકકાયદાની જોગવાઇઓ મુજબ રાખવાના થતા તમામ રેકર્ડ સંપૂર્ણપણે અદ્યતન રાખવાની જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે.અને નિયત પત્રકમાં જરૂરી વિગત,માસવાર પેટ્રોલ પંપ ઇન્ચાર્જ કેજવાબદાર અધિકારી સમક્ષ રજુ કરવામાં આવશે તેમજ કાયદાનુંસાર મેળવવાનું થતુ લાયસન્સ લેવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. તેમજ મજુરધારાની હાલની જોગવાઇઓ તથા ત્યારબાદતેમાં સરકારશ્રી તરફથી જે ફેરફાર થાય તે મુજબ અમલ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે

(૬.૧૩)કોન્ટ્રાકટરના કામદારોને કે પ્રતિનિધીને કોઇ ઇજા થશે તો તે માટે કોન્ટ્રાકટર જવાબદાર ગણાશે. તે માટે કામદાર વળતર ધારા હેઠળ ઇજારદારે વળતર ચુકવવાનું રહેશે. ઇજારદાર નિષ્ફળ રહેથી જો કોર્પોરેશન કામદારને જે વળતર ચુકવશે તે રકમ કોન્ટ્રાકટરને આપવાની થતી રકમ/સીક્યોરીટીડિપોઝીટમાંથી કાપી લેવાની રહેશે.

(૬.૧૪)કોન્ટ્રાકટરે રાખેલ કામદારોએ નિયમોનુંસાર ગણવેશ સ્વચ્છ તથા વ્યવસ્થિત પહેરવાનો રહેશે. તથા શિસ્તનું પાલન કરવાનું રહેશે અને તે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.કંપનીના નિયમ મુજબ પુરોપાડવા માં આવતો ગણવેશ જો કોઇ પણ ડિ.બોય કંપનીના ગણવેશ મુજબ નહિ હોયતો તેટલા ડિ.બોય મુજબ દિવસના રૂ.૧૦૦.૦૦ લેખે દંડ તરીકે પેટ્રોલપંપ ઇન્ચા.શ્રી ને જમા કરાવવાની રહેશે અથવા તેટલી રકમ આપના બિલમાંથી કાપવામાં આવશે.

(૬.૧૫)કોન્ટ્રાકટરે અથવા જે ઇજારદારને ઇજારો આપવામાં આવેલ છે તે ઇજારદાર વ્યક્તિ પાવર ઓફ એટર્ની કેઅન્ય કોઇ રીતે ઇજારા લગત કાર્યવાહી અન્યને સોંપી શકશે નહી.

(૬.૧૬)કોર્પોરેશનના અધિકૃત અધિકારી જણાવે તે મુજબના ઇજારદારશ્રીએ પુરા પાડેલ ડિલીવરી બોયનોફોટો સાથેનોબાયોડેટા પે.પંપના ઈંચાર્જશ્રીને આપવાનો રહેશે.સદર બાયોડેટામાં ડિ.બોયનું આખુંનામ,રહેઠાણનુંસરનામું,ઉંમર,વર્ષ,વતનનું સરનામું,જમણા-ડાબા હાથના અંગુઠાનું નિશાન તથાસહીનો નમૂનો તેમજ તેમના સંપક નં. નો ઉલ્લેખ કરવાનોરહેશે,તથા સદરહુ ડિ.બોયને ઈજારદાર ઓળખે છે,તથા ડિ.બોય કોઈગુનામાં સંડોવાયેલ નથી તેવી બાંહેધરીપણ આપવાની રહેશે.કામદાર/ડિ.બોય તેમની ફરજ દરમિયાન પાન-મસાલા તથા બીડી,સિગારેટ ઈત્યાદીનુંસેવન કરી શકશે નહી.

૭ કામગીરીના બીલ:-

(૭.૧) કોન્ટ્રાકટરે કરેલ કામગીરીનું બીલ મહિનો પુરો થયા બાદ ધારાકીય ચુકવણા જેવા કે પ્રો.ફંડ ઇ.એસ.આઇ. વિગેરેઇજારદાર દ્વારા કરવામાં આવે તેના જરૂરી પુરાવા રજુ કરાયા બાદ દિન-૭ (સાત)માં રજુ કરવાનું રહેશે.બીલરજુ થયેથી પ્રાથમિક ચકાસણી કરી પુરેપુરી બીલની ચુકવણી કરવાની રહેશે.ઉપરોક્ત તમામ ધારાકીય ચુકવણાના અલગ ચલણ રજુ કરવાના રહેશે. તેમજ પેટ્રોલપંપ ખાતેના હાજરી પત્રક મુજબના જે ડીલીવરી બોય ના પ્રોવિડન્ટ ફંડ ના જે ચલણો રજુ કરવામાં આવે તે ડી.બોયના નામ સાથેના ચલણોનું લીસ્ટ મુકવાનું રહેશે.

(૭.૨)પે.પંપ ખાતે કામ કરેલ ડિલીવરી બોય/કામદારનેઓઇલ કંપનીના લઘુત્તમ વેતનધારાધોરણ મુજબચુકવણુ કરવાનું રહેશે અને તેમાં ઑઇલ-કંપની / રાજ્ય સરકારનાલઘુત્તમ વેતન ધારાધોરણ મુજબ વખતોવખત થતા ફેરફાર અનુસાર જેનો લઘુત્તમ વેતનધારા મુજબનો ભાવ વધુ હોય તે અનુસાર ચુકવણુ કરવાનું રહેશે. તેમજ તે ચુકવણુંપે.પંપ ઇન્ચાર્જશ્રીની રૂબરૂમાં ચેકથી કરવાનું રહેશે અને તે મુજબ બીલની રકમ ચુકવવામાં આવશે. આ ચુકવણું કરતી વખતે આવકવેરાતથા અન્ય કાયદા હેઠળ કરવાની થતી કપાત કરીને ચુકવણું કરવામાં આવશે.

૮ વિવાદ:-

(૮.૧)આ કરારની કોઇ શરતના અર્થઘટન માટે કોઇ વિવાદ ઉભો થશે તો તે કોર્પોશનના મેનેજીંગ ડિરેકટરશ્રી નોનિર્ણય આખરી ગણવાનો રહેશે.જે ઇજારેદારે કબુલ મંજુર રાખવાનું રહેશે.

(૮.૨)ઇજારદાર દ્વારા નિગમ સાથે છેતરપીંડી કર્યાનું માલુમ પડશે તો તેને કારણે નિગમને જે કંઇપણ નાણાંકીયનુંકશાન થશે તે ઇજારદારની સીક્યોરીટી ડિપોઝીટ/બાકી લ્હેણા/અન્ય કોઇપણ રીતે ઇજારદાર પાસેથી નિગમવસુલ કરી શકશે અને તે બદલ યોગ્ય દંડ પણ કરી શકશે. આ અંગે કોર્ટ કાર્યવાહી કરવાનું ઉચિત જણાશે તો તેપણ નિગમ કરશે તેમજ આવા ઇજારદારને ભવિષ્યમાંકામગીરી માટે ગેરલાયક ગણવાની વિચારણા પણ નિગમકરી શકશે.

(૮.૩)ઇજારાની મુદત થયા બાદ ઇજારદાર દ્વારા વર્ષ દરમ્યાન નિભાવવામાં આવેલ જરૂરી રેકર્ડ જીલ્લાકચેરીમાં જમાકરાવવાનું રહેશે.

૯ બાકી લ્હેણા:-

(૯.૧) કોન્ટ્રાકટર પાસે કોઇપણ કારણસર બાકી નિકળતા લ્હેણા તેમનાં બાકી બીલો અને અનામતની રકમમાંથી વસુલકરવામાં આવશે.

(૯.૨) ઉપર ૯.૧ પ્રમાણે વસુલાત કરવા છતા પણ જો કોઇ રકમ બાકી રહેશે તો તે તથા તેના ઉપર ૧૫% લેખેનુંવ્યાજ વસુલ કરવામાં આવશે આ વસુલાત રેવન્યું રાહે પણ કરવામાં આવશે. આ અંગે જો કોઇ કોર્ટ કાર્યવાહી કરવાની થશે તો તે માટે કોન્ટ્રાકટર સંપૂર્ણ જવાબદાર રહેશે.

**ટેન્ડરરનું નામ:**

**મોબાઇલ નંબર :**

તા.   /     /૨૦૧૮                **સહી અને સિક્કો :**

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૨૭૦૭
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
**CORPORATE IDENTITY NO.U65910 GJ1980 SGC003957**
**EMAIL I.D.- gscscl.pp@gmail.com**
**Website-www.gscscl.gujarat gov.in**

**૨૦૧૮-૧૯ ના વર્ષ ના પેટ્રોલ પંપ ખાતે ઇંધણ પુરવાની કામગીરી માટેનું કરારનામું**

લખી આપનાર:______________________________________________

લખાવી લેનાર: ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાઇઝ કોર્પોરેશન લી. સેકટર-૧૦,એ,'ચ' રોડ, નવા સચિવાલય પાસે ગાંધીનગર (જેનો ઉલ્લેખ આ કરારનામામાં કોર્પોરેશન તરીકે કરવામાં આવ્યો છે.) ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાઇઝ કોર્પોરેશન લી. ગાંધીનગર દ્વારાસ્થળે નિગમ પે.પંપ ખાતે કામગીરી સુપ્રત કર્યાથી તા. ૩૧ /03 /૨૦૧૯ સુંધી પેટ્રોલ/ડિઝલ (ઓઇલ સાથે અગર ઓઇલ વિના) તથા ગેસ વગેરે ઇધણ ભરવાની કામગીરી માટે ટેન્ડરો બહાર પાડવામાં આવતા અમોએ નીચે દર્શાવેલી શરતોએ કામ કરવાની દરખાસ્ત કરી હતી. આ ટેન્ડર માન્ય રહેતા અમો કામગીરી તે શરતોએ કરવાનું સ્વીકારીએ છીએ. ટેન્ડર નોટીસ સાથે આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ તથા સામાન્ય શરતો પણ અમોને બંધનકર્તા રહેશે તે સ્વીકારીએ છીએ. કામદાર/ ડિ.બોય ફરજ દરમ્યાન પાન-મસાલા અથવા બીડી-સીગારેટ ઇત્યાદીનું સેવન કરી શકશે નહી એ અમો કોન્ટ્રાકટર સ્વીકારીએ છીએ. આ કામગીરીની શરતો નીચે મુજબ છે.

(૧) ઉપરોક્ત સમય દરમિયાન કેન્દ્ર ખાતે નિગમ સંચાલિત પે.પંપ ખાતે પેટ્રોલ/ડિઝલ (ઓઈલ સાથે અગર ઓઇલ વિના) તથા ગેસ વિગેરે ઈંધણ વાહનોમાં ભરવા માટે પૂરતા પ્રમાણમાં ડિ.બોય કોર્પોરેશનની જરૂરિયાત મુજબ પૂરા પાડવા બંધાઈએ છીએ.નિગમના પ્રતિનિધી / પે.પંપ ઇન્ચાર્જશ્રી ની સૂચના મુજબ પે.પંપ ખાતે કાર્યરત નોઝલ પ્રમાણે ગ્રાહકોના વાહનમાં ઈંધણ-હવા પૂરવા તેમજ અન્ય ગ્રાહકલક્ષી સેવાઓ માટે જરૂરી કામદાર પૂરા પાડવા પણ અમો બંધાઈએ છીએ. આ કરાર ખત હેઠળ જે જવાબદારીઓ અમારે પાર પાડવાની છે,તે અંગેની સંપૂર્ણ જવાબદારીઓ અમો સ્વીકારીએ છીએ.અને આ કારણથી જે કોઈ નુકશાન કે દાવો ઉભો થશે તે ભરપાઈ કરવાનું અમો સ્વીકારીએ છીએ. કામદાર/ ડિ.બોય ફરજ દરમ્યાન પાન-મસાલા અથવા બીડી-સીગારેટ ઇત્યાદીનું સેવન કરી શકશે નહી એ અમો સ્વીકારીએ છીએ.

<u>કામગીરી માટેની મહેનતાણાની રકમ</u>

૧. પેટ્રોલ પંપો ખાતે ઈંધણ ભરવાની તેમજ ગ્રાહકલક્ષી સેવા અંગેની કામગીરી માટે મહેનતાણાની રકમ જેતેપે.પંપ ઉપરલગાવવામાં આવેલ નોઝલની સંખ્યા તથા ત્રીજી પાળીમાં ચલાવવાને નોઝલની સંખ્યાનેધ્યાને લઈ ચુકવવામાં આવશે. આ અંગે પ્રત્યેક પે.પંપ ઉપર લગાવવામાં આવેલ નોઝલ તથા પ્રત્યેકશીફટમાં કોન્ટ્રાકટર ધ્વારા નોઝલ ઉપર  રોકવાનાકર્મચારીઓની વિગત પરિશિષ્ટ –અ મુજબ રહેશે અને આ કામગીરી માટે પ્રત્યેક પે.પંપ ઉપર ડીલીવરી બૉયને મજુર ધારાધોરણ/ઑઇલ-કંપની / રાજ્ય સરકારનાલઘુત્તમ વેતનધારા મુજબ વખતોવખત થતા ફેરફાર અનુસાર જેનો લઘુત્તમ વેતનધારા મુજબનો ભાવ વધુ હોય તે અનુસાર ચુકવણુ કરવાનું  રહેશે . તેમજ લઘુત્તમવેતન ધારાધોરણ હેઠળ થતી રકમ ઈ.એસ.આઈ.તથા સર્વિસ ચાર્જ ચુકવવામાં આવશે.

૨. અમોએ પે.પંપ ખાતે આ કરાર ની કામગીરી માટે રોકેલ તમામ કામદારોને ઑઇલ-કંપની / રાજ્ય સરકારનાલઘુત્તમ વેતનધારા મુજબ વખતોવખત થતા ફેરફાર અનુસાર જેનો લઘુત્તમ વેતનધારા મુજબનો ભાવ વધુ હોય તે અનુસાર વેતનનું ચુકવણુતથાપ્રો.ફંડ,ઈ.એસ.આઈ.બોનસ, ગ્રેજ્યુઈટી વિગેરે વિવિધ મંજુર કાયદાઓ મુજબ ચુકવવાપાત્ર લાભ ચુકવવાનાં રહેશે.

૩. નિગમ  સંચાલિત પેટ્રોલ પંપો ખાતે ઈજારાદાર દ્વારા પેટ્રોલ પંપની જરૂરીયાત મુજબ દૈનિક ધોરણે નિગમના પ્રતિનિધિ/પેટ્રોલપંપ ઇન્ચાર્જશ્રીદ્વારા સુચવવામાં આવે તેટલી સંખ્યામાં ડીલીવરી બોય પુરા પાડીને પેટ્રોલ પંપ ખાતે આવતા ગ્રાહકોનાવાહનોમાં ઈંધણ ભરવાનુંરહેશે. આ માટે ગ્રાહકો પાસેથી ઈંધણ ભરવાના બદલામાં નિયતદરથી નક્કી કરાયેલ રકમ વસુલ કરવાનીરહેશે અનેશિફ્ટ ઈન્ચાર્જને દરેક શીફટના અંતે હિસાબ આપવાનો રહેશે.તેમજ કામદાર / ડીલીવરી બોય એ સંબધીતઅધિકારી /કર્મચારી / ગ્રાહકો સાથે સહકારભર્યું વર્તન રાખવાનું રહેશે. તે અમો એ સ્વિકારીએ છીએ.

૪. નિગમ સંચાલિત પેટ્રોલ પંપ ૨૪ કલાક સુધી કાર્યરત રહેશે. કામગીરીના સમયગાળા બાબતે નિગમ દ્વારા જે નિર્ણયલેવામાં આવે તે અમો ને બંધનકર્તા રહેશે.

૫.પે.પંપ ખાતેની ઈંધણ ભરવાની કામગીરી ઉપરાંત અન્ય ગ્રાહકલક્ષી સેવાઓની પે.પંપ ખાતે કામગીરી કરવાની રહેશે. તેઅંગે નિગમના પ્રતિનિધિ/પેટ્રોલપંપ ઇન્ચાર્જશ્રી ધ્વારા જે સુચના આપવામાં આવે તે સુચનાની અમલવારી કરવા અમો બંધાઈએ છીએ.

૬. નિગમ ના અધિકુત અધિકારી અગર પ્રતિનિધિ કામગીરીનું પ્રમાણ ધ્યાને લઈ તથા કામગીરી પુરી કરવાનીમર્યાદાલક્ષમાં રાખી જણાવે તેટલી સંખ્યામાં જકામદારો પુરા પાડવા અમો બંધાઈએ છીએ. આમ કરવામાં અમો નિષ્ફળ જઈએતો નિગમના પ્રતિનિધિ અન્ય કોઈપણ રીતે ડીલીવરી બોય પ્રાપ્ત કરશે તો તે અમારાખર્ચે અને જોખમે ગણાશે અને આઅંગે અમારી સંપૂર્ણ જવાબદારી રહેશે અને અન્યે

રીતે પ્રાપ્ત કરવામાં આવેલ કામદારોને કરવામાં આવનાર ચુકવણુંઅમારા નિયત કરાયેલ દરથી વધારે હશે તો તફાવત ની રકમ આમારી પાસેથી વસુલ થઈ શકશે. તદ્દપરાંત તેના દંડપેટે રાખેલ કર્મચારીને લઘુત્તમ વેતનધારા હેઠળ ચુકવવાપાત્ર થતી રકમ ઈજારાદાર / કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરી શકશે.સદર બાબતે ઈજારાદાર કોઈપણ જાતની તકરાર ઉભી કરશે નહિં કે કરાવડાવશે નહિં.

૭. નિગમના કોઈપણ અધિકારી ધ્વારા કોન્ટ્રાકટર તરફથી પુરા પાડવામાં આવેલ ડીલીવરી બોય / કામદાર ધ્વારા પેટ્રોલડીઝલ /ઓઈલ વિગેરે ની ચોરી કરતાં માલુમ પડશે અને તે તપાસ દરમ્યાન પુરવાર થાય તો સંબધિત જીલ્લાનાઅધિકારી ધ્વારા તેટલા જથ્થાની થતી રકમના ૨૦ ગણી રકમ અમો ઈજારાદાર (કોન્ટ્રાકટર) પાસેથી વસુલ કરી શકશેતે અમોને કબૂલ મંજૂર અને બંધનકર્તા રહેશે.

૮.ઈજારાદાર (કોન્ટ્રાકટર) તરફથી પુરા પાડવામાં આવેલ ડીલીવરી બોય /કામદાર ધ્વારા ગ્રાહક કે કર્મચારી સાથેગેરવર્તુંણૂંક કરવામાં આવે તે તપાસ દરમ્યાન પુરવાર થાય તો સંબધિત જીલ્લાના અધિકારી ધ્વારા પ્રત્યેક કેસ દિઠરૂ.૧૦,૦૦૦/- સુધી દંડ પેટે કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરી શકશે અને સદર ડીલીવરી બોય કામદારને તાત્કાલિકઅસરથી સદર પે.પંપ ઉપરથી દૂર / ટર્મીનેટ કરવામાં આવશે. તે અમોને કબુલ મંજૂર અને બંધનકર્તા રહેશે તેમજઈજારાદાર (કોન્ટ્રાકટર) તરફથી સદર બાબતે કોઈપણ જાતનાં વાદ / વિવાદ કેતકરાર ઉભી કરવામાં આવશે નહીં.

૯.ઈજારાદાર (કોન્ટ્રાકટર) તરફથી પુરા પાડવામાં આવેલ ડીલીવરી બોય / કામદાર ધ્વારા પે.પંપ ઉપર આવતાંગ્રાહકોનેઓછી માત્રામાં પેટ્રોલ / ડીઝલ / ઓઈલ આપવાનું ધ્યાન ઉપરઆવે તે તપાસ દરમ્યાન પુરવારથાય તો સંબધિતજીલ્લાના અધિકારી ધ્વારા સદર ડીલીવરી બોય / કામદારને તાત્કાલીક અસરથી દૂર કરી તેની સામે કોર્પોરેશન નાઅધિકૃત અધિકારી ફોજદારી કાર્યવાહી હાથ ધરી શકશે અને તેના દંડ પેટે પ્રત્યેક કિસા દીઠ રૂ.૧૦,૦૦૦/ - દંડ તરીકેઅમારી પાસેથી વસૂલ કરે શકશે તે અમો ને (કોન્ટ્રાકટર) કબૂલમંજૂર છે.અમારા તરફ થી પુરા પાડવામાં આવેલડીલીવરી બોય / કામદાર ધ્વારા બીજી વખત ઉક્ત બાબત / હકીકત ધ્યાને ઉપર આવે તો કોર્પોરેશન કરાર રદ કરીશકશે અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરી શકશે અને અમોને બ્લેકલીસ્ટ કરી શકશે જે અમોને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

૧૦.કોઈપણ કારણસર નિગમ સંચાલિત પેટ્રોલ પંપ માટે અમોને સુપ્રત કરવામાં આવેલ કામગીરી કરવાની અમો નાપાડીશું નહીં. જ્યારે જ્યારે નિગમના કોઈપણ અધિકારી કે પ્રતિનિધિ દ્વારા કામદારો પુરા પાડવાની સુચના અપાશે કેતુરત જ “ કામદારો પુરા પાડવાની જવાબદારી અમે સ્વિકારીએ છીએ અને તે અમને બંધનકર્તા રહેશે.

૧૧. અમો ને સુપ્રત કરાયેલ કામગીરી અન્વયે અમારે પુરતી સંખ્યામાં કામદારો રાખવાના છે.ગ્રાહકોના વાહનોમાં પેટ્રોલ/ડીઝલ (ઓઈલ સાથે અગર ઓઈલ વિના) તથા ગેસનું ઈંધણ ભરી આપવાનું છે અને નિયત દરથી થતી જરૂરી રકમગ્રાહકો પાસેથી વસૂલ કરીને દરેક શીફ્ટના અંતે પેટ્રોલ પંપના શીફટ ઈંચાર્જ ને સુપ્રત કરવાની છે. હિસાબી રકમમાં કોઈઘટ જણાશે તો તે ભરપાઈ કરી આપવા અમો બંધાઈએ છીએ. આ રકમ અમો ભરપાઈ કરી ન શકીએ તો નિગમ અમારાબાકી બિલો / સલામતી થાપણ / અન્ય કોઈપણ રીતે વસૂલ કરી શકશે તે અમો સ્વીકારીએ છીએ.

૧૨.રવિવાર તથા રજાના દિવસે પણ પે.પંપની કામગીરી માટે કહેવામાં આવશે તે કરી આપીશું. રવિવાર કે રજાનું કારણઅથવા ઉત્સવનાં દિવસો અંગેના કારણો આગળ ધરીને અમને કહેવામાં આવેલ પે.પંપ ખાતે ઈંધણ ભરવાની તેમજગ્રાહકલક્ષી સેવાઓ પુરી પાડવાની કામગીરી કરવાની અમો ના પાડીશું નહીં. તેમજ નિગમ ધ્વારા નિયત કરાયેલરજાના દિવસે કામગીરી બંધ રહેશે તો તે માટે અમો કોઈ હક દાવો કરીશું નહી.

૧૩. આ કરાર અન્વયેની કામગીરી માટે રાખેલ કામદારોને કરવામાં આવતા ચુકવણાંમાંથી પ્રો.ફંડ જે કપાત કરવામાં આવે તેમાટે ધી એમ્પ્લોઈઝ પ્રો.ફંડ એન્ડ મીસીલીનીયસ એક્ટ ૧૯૫૨ની જોગવાઈઓ અનુસાર અલગ કોડ નંબર ધરાવીએછીએ.અને તેમાં કામકરતા કામદારો અને કોન્ટ્રાકટર તરીકે નો પ્રો.ફંડ ફાળો આમ સંયુકત રીતે કુલ ફાળો જમાકરાવવાનો રહેશે.અન એ તેના ચલણની એક નકલ કોર્પોરેશનના અધિકુત દસ્તાવેજો ,પત્રકો, રજીસ્ટરો અમારેનિભાવવાના રહેશે અને તે બાબત ની સંપૂર્ણ જવાબદારી અમારી રહે છે. આ બાબતે વખતોવખત ભરવાના થતા રીટર્નોનિયમિત રીતે ભરવાની અને કોર્પોરેશનના અધિકારી પાસે તેની ખરાઈ કરવાની જવાબદારી અમારી રહેશે જે અમોસ્વિકારીએ છીએ.

૧૪. અમારે જે સ્થળે કોન્ટ્રાકટ / લેબર એકટ હેઠળ લાગુ પડે તે સ્થળે તે કામ અંગેનું કોન્ટ્રાકટ લાયસન્સ લેવાનું રહેશે. તેઅમો સ્વિકારીએ છીએ.અને કામદાર રાજ્ય વિમા યોજના હેઠળ લાગુ પડે તે કામ અંગેનું લાયસન્સ મુજબ કામગીરીકરવાની રહેશે.તે અમો સ્વિકારીએ છીએ.

૧૫. અમોએ કોન્ટ્રાકટ લેબર ( નિયમન અને નાબુદી ધારો) ૧૯૭૦ તેમજ તમામ મંજૂર ધારાઓની જોગવાઈઓનું ચુસ્તપણેપાલન કરવાનું રહેશે અને કાયદા હેઠળ નિયત કરેલ કામદારોની સંખ્યા કરતા વધુ કામદારો રાખેલ હશે તો જે તે સક્ષમઓથોરીટી પાદે જરૂરી ફી ભરી તે અંગેનું લાયસન્સ મેળવા લેવાનું રહેશે અને તેની એક નકલ કોર્પોરેશનને આપવાનીરહેશે તે અમો સ્વિકારીએ છીએ.

૧૬. દરેક કાયદાઓની જોગવાઈઓ મુજબ રાખવાના થતા તમામ રેકર્ડ સંપૂર્ણપણે અદ્યતન રાખવાની જવાબદારી અમારીરહેશે અને નિયત પત્રકમાં જરૂરી વિગત ,માસવાર પેટ્રોલ પંપ ઈંચાર્જ  કે જવાબદાર અધિકારી સમક્ષ રજૂ કરવામાંઆવશે તેમજ કાયદા અનુસાર મેળવવાનું થતુ લાયસન્સ મેળવી લેવાનું રહેશે.તેમજ મજૂર ધારાની હાલનીજોગવાઈઓ તથા ત્યારબાદ તેમાં સરકારશ્રી તરફથી જે ફેરફાર થાય તો તે મુજબ અમલ કરવાની જવાબદારીકોન્ટ્રાકટરની રહેશે તે અમો સ્વિકારીએ છીએ.

૧૭. અમોએ નિયુકત કરેલ કામદારોને ફરજ દરમ્યાન કોઈ ઈજા થશે તો તે માટે કોન્ટ્રાકટર જવાબદાર ગણાશે અને જોકામદાર વળતર ધારા હેઠળ જો કોર્પોરેશન કામદારને જે વળતર ચુકવશે તો તે રકમ અમારા બીલમાંથી કાપી લેવાનેરહેશે, તે અમો સ્વિકારીએ છીએ.

૧૮. અમોએ રાખેલ તમામ કામદારોએ નિયમોનુસાર ગણવેશ સ્વચ્છ વ્યવસ્થિત પહેરવાનો રહેશે તથા શીસ્તનું પાલનકરવાનું રહેશે. અને તે સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે, કંપનીના નિયમ મુજબ પુરોપાડવા માં આવતો ગણવેશ જો કોઇ પણ ડિ.બોય કંપનીના ગણવેશ મુજબ નહિ હોય તો તેટલા ડિ.બોય મુજબ દિવસના રૂ.૧૦૦.૦૦ લેખે દંડ તરીકે પેટ્રોલપંપ ઇન્ચા.શ્રી ને જમા કરાવવાની રહેશે અથવા તેટલી રકમ આપના બિલમાંથી કાપવામાં આવશે.

૧૯. આ કામગીરી બજાવવામાં રાજ્ય / કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ મજૂર ધારાઓ હેઠળ ઉપસ્થિત થતી તમામજવાબદારીઓ અમો નિભાવવા બંધાઈએ છીએ. આ માટે અમો જુદા જુદા કાઉદાઓ હેઠળ નિભાવવાના થતા રેકર્ડ હંમેશાકાયદાની જોગવાઈ મુજબ અદ્યતન રાખશું અને તપાસણી માટે માગવામાં આવ્યેથી તુર્ત જ રજૂ કરીશું. રાજ્ય / કેન્દ્રસરકાર ખાતે જમા કરાવવાની થતી રકમ જમા કરાવી તે અંગેનાપુરાવા નિગમ  સમક્ષ રજૂ કરવા બંધાઈએ છીએ.આમકરવામાં અમો નિષ્ફળ જઈએ તો કાયદાની જોગવાઈઓના ભંગ બદલ જો કોઈ શિક્ષાત્મક કાર્યવાહી થશે તો તે એંગેઉપસ્થિત થનાર જવાબદારી માટે બંધાઈએ છીએ.અને કાયદાની જોગવાઈઓનાં ભંગ બદલ નિગમને કોઈ નુકશાન થશેતો નુકશાની અમારી પાસેથી વસુલ કરવા નિગમ હક્કદાર રહેશે , તે અમો સ્વિકારીએ છીએ.

૨૦. પેટ્રોલ પંપ ખાતેની અમોને સુપ્રત કરવામાં આવેલ કામગીરી માટે અમોએ રાખેલ કામદાર / અમારા પ્રતિનિધિ દ્વારાકરવામાં આવેલ તમામ કામગીરી માટે અમો સંપૂર્ણપણે જવાબદાર રહીશું. નિગમને કામગીરીદરમ્યાન કોઈ નુકશાનથશે તો અમારી પાસેથી વસૂલાત થઈ શકશે તે અમો સ્વીકારીએ છીએ. નિગમ દ્વારાનુકશાની વસુલ કરવા ઉપરાંતકરારભંગ બદલ તેમજ ગેરવર્તન બદલ અમારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા અધિકાર રહેશે તે અમોને સ્વીકાર્ય છે.

૨૧. આ કરારનામા ની શરતોના યોગ્ય પાલની બાંહેધરી પેટે અમો કોર્પોરેશનને રૂ._____ ની__________ બેંકની ____________ શાખા ઉપરના ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર નંબર ______ તારીખ _______ થી

સીક્યોરીટી ડીપોઝીટ આપી છે. આ કરારનામાની કોઈપણ શરતોનો ભંગ થશે તો કોર્પોરેશન અમારી સામે કોઈપણકાયદેસર પગલા ભરવાના તેના અધિકારને બાધ આવ્યા સિવાય (કરારખત રદ કરવા સહિત ) આ કારણે થયેલનુકશાન ની વસુલાત પેટે, અથવા તો કરારનામા હેઠળ ઉભા થયેલ કોઈ બાકી દેવા અથવા અન્ય કોઈપણ લેણાં પેટેજપ્ત કરી શક શે. જપ્ત થયેલી રકમ અમો અનામત રકમ કોન્ટ્રાકટ પુરો થયાબાદઅમારી સાથેના બાકી હિસાબોનીપતાવટ થયે પરત કરશે. આ માટે નિગમ માંગે તે પ્રકારે અને તે નમૂનામાં એટલે કે નિગમે નિયત કરેલ ઈંન્ડેમનીટીબોન્ડ ભરી આપ્યા બાદ જ ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશેઅને તે સામે અમો કોઈ વાંધો લઈશું નહીં.

૨૨. ફકરાનં.(૧) માં જણાવ્યા મુજબ કોન્ટ્રાકટની મુદત રહેશે, પરંતુ કોર્પોરેશન એ કારણ આપ્યા સિવાય લેખિત જાણ કરી આકરારનામું રદ કરવાનો હક્ક રહેશે અને તે માટે અમે ક્શું વળતર મેળવવા હક્કદાર રહીશું નહીં, કરાર ભંગને કારણેતેમજ ગેરવર્તણુંકને કારણે  લેખિત જાણ કરી કોન્ટ્રાકટ રદ કરવાના કોર્પોરેશનના હક્કને આથી કોઈ બાધ આવશે નહીં.

૨૩. કોર્પોરેશન ઈચ્છે તો અમોને લેખિત જાણ કરી ફકરા(૧) માં દર્શાવેલ કોન્ટ્રાકટની મુદતમાં આ જ ભાવ અનેશરતોથીત્રણ મહિના સુધીનો વધારો કરી શકશે,જે અમને બંધનકર્તા રહેશે.

૨૪. નિયત કરેલ ઈજારદારની મુદત પુરી થવાના ત્રણ માસ અગાઉ જો કોન્ટ્રાકટર ચાલુ ભાવ થી વધુ એકવર્ષ કામ કરવાઈચ્છા દર્શાવે અને કોર્પોરેશન ને તે યોગ્ય જણાશે તો ઈકજારાની મુદત વધુ એક વર્ષ લંબાવવા કે કેમ ? તે અંગેના હક્કકોર્પોરેશન ને અબાધિત રહેશે અને તે અંગેનો નિર્ણય આખરી રહેશે.

૨૫.(અ) કોર્પોરેશનના અધિકૃત અધિકારી જણાવે તે મુજબ ઈજારાદારશ્રીએ પુરા પાડેલ કામદારના ફોટા સાથેના બાયોડેટા પેટ્રોલપંપના ઈન્ચાર્જશ્રીને આપવાના રહેશે. સદર બાયોડેટામાં કામદારનું આખું નામ,રહેઠાણનું સરનામું, ઉંમર વર્ષ ,વતનનુંસરનામું, જમણા-ડાબા હાથના અંગુઠાનું નિશાન તથા સહીનાંનમુના તેમજ તેના સંપર્ક નં. નો ઉલ્લેખ કરવાનો રહેશે. તથા સદરહું કામદારનેઈજારાદાર ઓળખે છે તથા સદરહું ડીલીવરી બોય કોઈ ગુન્હામાં સંડોવાયેલ નથી તેનો બાંહેધરી પણ  આપવાની રહેશે.

**(બ) ઇજારેદાર દ્વારા પુરા પાડવામાં આવતા ડીલીવરી બોયની રોજે રોજની શીફ્ટવાઇઝ હાજરી બાયોમેટ્રીક એટેન્ડન્ટ મશીનદ્વારા જ પુરવાની રહેશે.આ બાબતે ઇજારદારશ્રીએ  પોતાના ખર્ચે બાયોમેટ્રીક એટેન્ડન્ટ સીસ્ટમ ઇન્સ્ટોલ કરાવવાની રહેશે.**

**(ક) જે ડીલીવરી બોયને  અગાઉ ગુ.રા.ના.પુ.નિ.લિ. દ્વારા અગાઉકોઈ પણ પે.પંપ પરથી છૂટા કરેલ હોય તેમને ઈજારેદાર રાખી શકશે નહી અને રાખે તો તેમના વિરૂધ્ધમાં યોગ્ય પેનલ્ટી નાખવામાં**

**આવશે અને દંડકરવામાં આવશે, અને તેની વિરૃધ્ધમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે.અને તેવા વ્યક્તિઓને પે.પંપ પર રાખેલ હોય તો તેનો પગાર ચૂકવવામાં આવશે નહી. જે અમોને મંજૂર છે.**

૨૬. અમોએ કરેલ કામગીરેનું બીલ મહિનો પુરો થયા બાદ ધારાકીય ચુકવણાં જેવા કે, પ્રો.ફંડ, ઈ.એસ.આઈ. વિગેરેઈજારાદાર દ્વારા કરવામાં આવે તેના જરૂરી પુરાવા રજૂ કરાયા બાદ દિન ચારમાં રજૂ કરવાનુંરહેશે.તદઉપરાંત પેટ્રોલપંપ ખાતેના ડિ.બોયના ભરવામાં આવેલ પી.એફ અને ઈ.એસ.આઈનુ લિસ્ટ ચલણ સાથે રજુ કરવાનુ રહેશે. અનેબીલ સંપૂર્ણ વિગતસાથે પે.પંપ ઈન્ચાર્જ પાસે હાજરી પ્રમાણિત કરાવી કોર્પોરેશનની જે તે જીલ્લાકચેરીએ રજૂ કરવાનું રહેશે. બીલ રજૂથયેથી પ્રાથમિક ચકાસણી કરી પુરેપૂરી બીલની ચુકવણી કરવાની રહેશે. જેમાં ચુક થયે ઉપસ્થિત થનાર કોઈપણજવાબદારી નિગમની રહેશે નહિં.

૨૭.જો અમને અથવા અમારા ડાયરેકટર / ભાગીદાર / મેનેજીંગ એજન્ટ /મેનેજર /સેક્રેટરી અથવા અન્ય કર્મચારીને બોમ્બેપ્રોહીબીશન એકટ ૧૯૪૯ અથવા બોમ્બે (ઓ.વી.એમ.) સ્મોકીંગ એકટ ૧૯૩૬ હેઠળ સજા કરવામાં આવી હશે તોકોર્પોરેશનને નોટીસ આપ્યા સિવાય અમારો કોન્ટ્રાકટ રદ કરવાનો રહેશે અને તે માટે કશું વળતર મેળવવાનાં અમનેહક્ક રહેશે નહીં.

૨૮. આ કરારનામા હેઠળ જે રકમો કોર્પોરેશનને અમારી પાસે લ્હેણી નિકળતી હોય અથવા અમારે કોર્પોરેશન ને ચૂકવવાનીથતી હોય તે તમામ રકમો કોર્પોરેશન અમારી પાસે વાર્ષિક ૧૫% વ્યાજ સહિત વસૂલ કરી શકશે અને આવી વસૂલાતકોર્પોરેશન અમારી પાસેથી રેવન્યુ રાહે પણ કરી શકશે.

૨૯. આ કરારખત પર સ્ટેમ્પ અમારે ભોગવવાની છે.

30.નિગમ ધ્વારા કાયદાપાલન અંગે નિયત કરેલ એફીડેવીટ અમારે કરવાની રહેશે.(પરિશિષ્ટ-બ)

૩૧. કોન્ટ્રાકટમાં સમાવેશ કરાયેલ સર્વિસ ચાર્જ અંગે કોઈપણ કારણોસર ભાવ વધારો આપવા માટેની

માંગણી કરીશુંનહીં તેમજ નિગમ આવી માંગણી ગ્રાહ્ય રાખશે નહીં.આમ છતાં આવી કોઈ માંગણી અને કામગીરી ન કરીએ અથવા તોકામગીરીમાં વિક્ષેપ ઉભો કરીએ તો નિગમ અમારા ખર્ચે અને જોખમે ઈંધણ ભરવાની તથા ગ્રાહકલક્ષી સેવાઓ પ્રાપ્તકરવી શકશે તેવું અમો સ્વિકારીએ છીએ.

૩૨.અમારી પેઢી /કંપની / મંડળીમાં જો કોઈ ફેરફાર થાય તો આવો ફેરફાર ,નિગમની પૂર્વ મંજૂરી મેળવીને કરવાનો રહેશેતે અમો સ્વીકારીએ છીએ.

૩૩.આ કરારનામા હેઠળ  કોન્ટ્રાકટર અથવા જે ઈજારાદારને ઈજારો આપવામાં આવેલ છે તે ઈજારાદાર વ્યકિત "પાવરઓફ એટર્ની કે અન્ય કોઈ રીતે ઈજારા લગત કાર્યવાહી અન્યને સોંપી શકશે નહીં તેવું અમો સ્વિકારી છીએ.

૩૪.સીક્યોરીટી ડીપોઝીટની રકમ ઈજારાની મુદત પૂરી થયા બાદ કામગીરી સંતોષકારક જણાય અને બીલ સરભર થયેથીહિસાબોનું ઓડીટ થયા બાદ નિગમે નક્કી કરેલ ઈન્ડેમ્નીટી બોન્ડ ભરી આપ્યા બાદ જ ડીપોઝીટની રકમ પરત કરવામાંઆવશે અને તે સામે અમો  કોન્ટ્રાકટર વાંધો લઈ શકીશું નહીં. સીક્યોરીટી ડીપોઝીટ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજમળવાપાત્ર થશે નહીં તે અમો સ્વિકારી છીએ.

૩૫.કામદાર/ડીલીવરી બોયની નિમંણૂક ,રૂખસદ અથવા તો તેમની નોકરી અંગેની શરતો માટે અમો કોન્ટ્રાકટર સંપૂર્ણપણેજવાબદાર રહીશું અને નિગમની કોઈ જવાબદારી રહેશે નહિં તે અમો સ્વિકારીએ છીએ.

૩૬. આ કરારનામામાં કોઈપણ પ્રકારની તકરાર ઉપસ્થિત થશે તો તેનું જ્યુરીડીશન ગાંધીનગત રહેશે.

૩૭.આ કરારનામામાં કોઈ શરતોના અર્થઘટન માટે કોઈ વિવાદ ઉભો થશે તો કોર્પોરેશનના મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો  નિર્ણયઆખરી ગણવાનો રહેશે અને તે અમને બંધનકર્તા રહેશે.

૩૮.આકરાર અમો _______________ આજ _________તારીખ _______માહે______૨૦૧૬-૧૭ના રોજ ____________મુકામે સમજી વિચારીને અમારી શુધ્ધબુધ્ધિથી કર્યો છે, જે અમારા વાલી, વારસો,

એસાઈનીઓ / ભાગીદારોને વ્યકિતગત તેમજ સામુહિક રીતે બંધનકર્તા રહેશે.

કોન્ટ્રાકટરની સહી અને સિક્કો

**રૂ બ રૂ**

૧.

૨.

**રૂ બ રૂ**

૧.

૨.

અધિકૃત અધિકારીની સહી અને સિક્કો

ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાઈઝ કોર્પોરેશન લિમિટેડ

નોંધ :-- ટેન્ડરની બોલીઓ તથા શરતો તથા ફોર્મેટ / પત્રકો મુજબ જ ટેન્ડર રજૂ કરવાનું રહેશે, તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર સ્વીકાર્ય નથી. શરતી ટેન્ડર સ્વીકાર્ય નથી.

## ટેકનીકલ બીડ

ટેન્ડર નોટીસ નં નાપુની/પી.પી./પે.પંપ/ ઈંધણ પુરવાની કામગીરી/ઈજારો/જાહેરાત/પ્રસિધ્ધિ/૨૦૧૬

તા: / /૨૦૧૮

**પેટ્રોલ પંપ ખાતે ઈંધણ પુરવાની કામગીરીના ઈજારા બાબત**

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ભરનારનું નામ (પેઢીનું નામ ) | |
| ૨ | ટેન્ડર ભરનાર ઈસમનું પુરુ નામ અને સરનામું | |
| ૩ | સરનામું | |
| | ટેલીફોન નંબર (ઓ) | |
| | (ઘર) | |
| | ફેકસ નંબર | |
| | મોબાઈલ નંબર | |
| ૪ | ટેન્ડરમાં સહી કરનારના પેઢી સાથેના સંબંધો(વૈયક્તિક માલિકી /ભાગીદાર /મેનેજર) | |
| ૫ | પ્રો.ફંડ કમિશ્નરની કચેરી દ્વારા આપવામાં આવેલ પ્રો.ફંડ નં (ટેકનીક્લ બીડ સાથે ખરી નકલ સામેલ કરવી) | |
| ૬ | ટેન્ડરર ધ્વારા ટેન્ડર અંગેની તમામ કામગીરી અંગે નિયુકત કરાયેલ અધિકૃત પ્રતિનિધિનું નામ, રહેઠાણનું સરનામું, તથા ટેલીફોન નંબર | |
| ૭ | અધિકૃત પ્રતિનિધિની સહી નો નમુનો | |
| ૮ | ટેન્ડર ભરનાર સંસ્થા ના માલિક,મેનેજર અને અધિકૃત ઈસમનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝ નો ફોટો | ટેન્ડરરનો ફોટો / અધિકૃતપ્રતિનિધિનો ફોટો |
| ૯ | આવકવેરા પરમેનન્ટ નંબર, એક વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન બીડ સાથે સામેલ કરવા. | |
| ૧૦ | ઈ.એસ.આઈ. નંબરની ફાળવણી તથા રજીસ્ટ્રેશન નંબર ફાળવણીના પત્રની નકલ ટેકનીક્લ બીડ સાથે સામેલ કરવી. | |
| ૧૧ | ભરેલ ટેન્ડર ફીની વિગત | |

| | | |
|---|---|---|
| ૧૨ | ભરેલ ઈએમડીની વિગત | |
| ૧૩ | પેટ્રોલ પંપ સંચાલન સંલગ્ન ડિ.બોય પુરા પાડવાની કામગીરીનો ઓછામાં ઓછા એક વર્ષના સંતોષકારક કામગીરીના અનુભવનું પ્રમાણપત્ર | |
| ૧૪ | બેંક સોલવન્સી સર્ટીફીકેટ ( નકલ સામેલ કરવી) | |
| ૧૫ | પંપ એટેન્ડન્ટ / ડીલીવરી બોય પુરા પાડવાની ક્ષમતા | |
| ૧૬ | સર્વિસ ટેક્ષ/GST નંબર જો લાગુ પડતો હોય તો ? | |
| ૧૭ | વ્યવસાયમાં જોડાયાનું વર્ષ તથા વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન નંબર લાગુ પડતો હોય તો | |
| ૧૮ | ગુમાસ્તાધારા હેઠળના નોંધણી નંબરના પ્રમાણપત્રની નકલ | |

અમો, આથી સામાન્ય બોલીઓ અને અનુસાર અને ટેન્ડર દસ્તાવેજમાં જણાવેલ તમામ (ભાગ ૧ અને ભાગ-૨ સહિત ) વિગતો મુજબ અમોએ દરખાસ્ત કરેલ જથ્થો પૂરો પાડવાની બાંહેધરી આપીએ છીએ.

સિક્કો

તારીખ : ટેન્ડર ભરનારની સહી

સ્થળ :

નામ :

હોદ્દો:

## FINACIAL BID /PRICE SCHEDULE FORMAT

**( To be filled up by the Bidder online trough Reversee-Auction only)**

Ref: Tender No. Napuni/241/pp/Petrol Pump/Filling of Fuel/10/ Date:

Service charge for providing labour /workers at the petrol pumps for filling of fuel and other services as mention in the tender as per instruction of in-charge petrol-pump, to make the payment of minimum wages as per prevailing rate, to maintain the record of delivery boys/workers on daily basis(muster), to deduct/deposit.PF as per prevailing rate and deposit to the concern department, to keeping all records as per prevailing labour laws, PF ESI etc.

| Sr. | Name Petrol Pump | Service charge per month |
|---|---|---|
| 1 | Sector-21, Gandhinagar | |
| 2 | Vasna, Ahmedabad City | |
| 3 | Vejalpur, Ahmedabad City | |
| 4 | Dang Ahwa Petrol Pump | |

**D E C L A R A T I O N**

I/We hereby declare that we have submitted all the documents as mentioned in the Bid Document. We also understand that non-compliance of any documents will be treated as non-respective Tender and we will lose our claim to participate in the Tender Enquiry automatically and our tender is liable to be rejected.

I/We have read and understood all the terms and conditions mentioned above in the tender document and agree to abide by them.

I agree ___________________________

Signature of Bidder
Name

## પરિશિષ્ટ-બ

### કોન્ટ્રાકટરે ડીલીવરી બોય અંગેના કાયદાના પાલન અર્થે નોટરી સમક્ષ થતી એફીડેવીટ

અમો ટેન્ડરર નામ ________________________________________________રહેઠાણ, ________________________________________ અમારા ધર્મના સોંગદ લઈ જણાવએ છીએ કે, અમોએ નિગમસંચાલિત __________________પે..પંપ માટે ઈંધણ પુરવાની કામગીરી માટે કામદારો પુરા પાડવા માટે ટેન્ડર ભરેલ હતું અને અમારૂ ટેન્ડર મંજૂર થતાં ટેન્ડરની શરતો મુજબ અમો ટેન્ડરરે સદર કામગીરી માટે પુરા પાડેલ કામદારને રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રીના મજૂર કાયદાઓ પ્રોવીડન્ટફંડ,,ઈ.એસ.આઈ વગેરે તમામ નીતિ નિયમો મુજબ ચુકવવનું થતું મહેનતાણું તથા સ્પે.એલાઉંસની ચુકવણી પે.પંપ ઈન્ચાર્જની હાજરીમાં સમયસર કરીશું, તથા સરકારશ્રીના નિયમો મુજબ માલિકના ફાળા તરીકે અમારે જમા કરાવવાનો થતો પી.એફ. તથા ઈ.એસ.આઈ. નો ફાળો પી.એફ.કચેરીમાં તથા ઈ.એસ.આઈ.કચેરીમાં ચલનોથી જમા કરાવી તેની પ્રમાણીત નકલ ઈંધણ પુરવાની કામગીરીના અમારા ધ્વારા નિગમમાં રજૂ થનાર બીલ સાથે સામેલ રાખીશું તથા અસલ ચલનો પે.પંપ ઈન્ચાર્જ સમક્ષ રજૂ કરીશું અને તેની પે.પંપ ઈન્ચાર્જશ્રીની ચકાસણી થયેથી નિગમની વડી કચેરી/ જીલ્લા કચેરીમાં બીલ રજૂ કરીશું.

ઉપર મુજબ અમો સરકારશ્રીના લેબર લોઝ તથા ઈ.એસ.આઈ./પી.એફ. વિગેરે નિયમોનું ચુસ્તપણે પાલન કરવા બાંહેધરી આપીએ છીએ અને તેમ કરવામાં ચૂક થશે તો તે અંગેની નાણાંકીય તેમજ કાનુની તમામ જવાબદારી અમારી /અમારી પેઢી / કંપનીની વ્યક્તિગત તથા સામુહીક રહેશે તથા ઉક્ત જવાબદારી અમારી અંગત મિલ્કતોને પણ લાગુ પડશે તેવી હું બાંહેધરી આપુ છું.

સ્થળ :

તારીખ

સહી

ટેન્ડર ભરનારનું નામ :

સિક્કો

**<u>નિગમ સંચાલિત આર.ઓ.ખાતે વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન અંદાજિત નોઝલની વિગત:-</u>**

**<u>પરિશિષ્ટ-અ</u>**

| ક્રમ | આર.ઓ.નું નામ | નોઝલની અંદાજીત સંખ્યા | ૨૦૧૭-૧૮માં ડિલિવરી બોયનો થયેલ ખર્ચની રકમ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર,સેક્ટર-૨૧ | ૨૨ | ૪૭૫૨૯૬૬/- |
| ૨ | વાસણા,અમદાવાદ | ૨૪ | ૩૭૬૯૭૩૦/- |
| ૩ | વેજલપુર,અમદાવાદ | ૧૩ | ૩૫૮૨૯૭૭/- |
| ૪ | ડાંગ આહવા | ૧૦ | ૧૫૩૪૨૪૧/- |

**નોંધ:** ઉપરોક્ત નોઝલની સંખ્યામાં વધારો/ ઘટાડો થઈ શકે છે,તથા ઈંધણના વેચાણમાં વધારો/ ઘટાડો થઈ શકે છે.તે માટે કોઈપણ જાતનો વાદ/વિવાદ ચાલી શકશે નહી.

**લખી આપનાર:**

**લખાવી લેનાર:**

**<u>ઈન્ડેમ્નીટી બોન્ડ:</u>**

આ ઈન્ડેમ્નીટી બોન્ડનો દસ્તાવેજ આજરોજ તા. / /૨૦૧૮ ના રોજ કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદારના (જેમને હવે પછીથી આ દસ્તાવેજમાં કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદાર આ રીતે સંબોધવામાં આવ્યા છે.) જેના અર્થમાં પે.પંપ ઉપર કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ડી.બોય/કામદાર પૂરા પાડનાર કોંટ્રાક્ટર તથા તેમના વંશ ,વાલી,વારસો,સક્સેસરો,એસાઈનીઓ વિ.નો સમાવેશ થાય છે.તે કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદાર એક તરફવાળા તથા ગુજરાત સ્ટેટ સિવીલ સપ્લાઈઝ કોર્પોરેશન લિ. "ચ"રોડ,નવા સચિવાલય પાસે,ગાંધીનગર -૩૮૨૦૧૦ કે જે કંપની કાયદા,૧૯૫૬ની નોંધાયેલ કંપની છે.(જેમને હવે પછીથી આ દસ્તાવેજમાં નિગમ તરીકે સંબોધવામાં આવ્યા છે.જેના અર્થમાં નિગમ તથા તેમનાસક્સેસરો,એસાઈનીઓ,ટ્રાન્સફરીઓ,મેમ્બરો ઈત્યાદી તમામનોસમાવેશ થાય છે અને ઈન્ડેમ્નીટી લખાવી લેનાર નિગમ વચ્ચે કરવામાં આવેલ છે.

(૧) અમો કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદારને ગુ.રા.ના.પુ.નિ.લિ. દ્વારા **તા. ૦૧/૦૫/૨૦૧૮થી૩૧/૩/૨૦૧૯**ના વર્ષ માટે અમોને ડીલરશીપપે.પંપના કમિશનનાધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ડી.બોય/કામદાર પૂરા પાડવાનો ઈજારો આપ્યો હતો.અમોને જેસમય દરમિયાન ઈજારો આપ્યો હતો તે સમય દરમિયાન નિગમ દ્વારા અમોને સોંપવામાં આવેલ કામગીરી સંપૂર્ણરીતે કરી છે,અને તે અંગેના બિલો નિગમમાં રજૂ કરી દીધા છે.પે.પંપપર તમામ કામગીરી રોજેરોજ કરવાનીહોવાથી કોઈ કામગીરી બાકીમા રહેતી નથી,છતાપણ ભવિષ્યમાં કોઈ કામગીરી ન કર્યાનો અગર તો બિલોને વધુમૂકેલ છે,કે વધુ છે તે અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો અમારી ડિપોઝીટ પરત લઈ ગયેલ હોવાથી કાયદેસરકાર્યવાહી થઈ શકે નહી,તેમ છત્તા અમો કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદાર ઈન્ડેમ્નીટી દસ્તાવેજ મુજબ કાર્યવાહી કરવાની સંમતી અને બાંહેધરી આપીએ છીએ.

(૨)અમો કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદારને ડિપોઝીટ પરત કરવામાં આવી છે,તેથીકામ ના કર્યા અંગે કોઈ કાર્યવાહી થઈ શકે તેમ નથી, તેમ છત્તા અમો ડિપોઝીટ બાબતે કોઈપણજાતનોવાંધો/તકરાર કરીશું નહી,અને કરીએ તો તે રદબાતલ છે,તે બાબતની અમો ખાત્રી આપીએ છીએ.

(૩)અમો કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદાર તરીકે પૂરા પાડેલ ડી.બોય અંગેભવિષ્યમાં મહેનતાણાં,પી.એફ., ઇ.એસ.આઇ., તથા લઘુત્તમવેતનધારા અધિનિયમ તેમજ અન્ય ધારાઓ અંગેનુંકોઈ લહેણું અને જવાબદારી ઉભી થશે તો તે અંગેની તમામ જવાબદારી અમો ઈજારદારની રહેશે,જેની અમોઈજારદાર બાંહેધરી અને સંમતિ આપીએ છીએ.

(૪)અમો કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદાર જણાવીએ છીએ કે ભવિષ્યમાંહીસાબોલખાયે ,ઓડીટ થયે નિગમની કોઈ રકમ અમો કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીનાઈજારદાર પાસેથી વસૂલ કરવાની નીકળશે તો તે અમો તુર્તજ ભરપાઈ કરી આપવાની બાંહેધરી અને સંમતિઆપીયે છીએ.

(૫) અમો કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદાર જણાવીએ છીએ કે,નિગમની કોઈ રકમનુંચૂકવણું,નુકશાન અંગેની કોઈપણ બાબતો અંગે અમો કમિશનના ધોરણે વાહનમાં ઈંધણપૂરવાની કામગીરીનાઈજારદારની કસૂર અગર ઢીલથી કે અન્ય કોઈ બાબતની કસૂરથી તમો નિગમને જે ચૂકવણું તથા અન્ય ખર્ચ કેનુકશાન સહન કરવું પડે તે તમામ અમો ભરપાઈ કરવા બંધાયેલ છીએ.અમો કમિશનના ધોરણે વાહનમાં ઈંધણપૂરવાની કામગીરીના ઈજારદાર પાસેથી નુકશાન વસૂલ કરવા માટે તમો નિગમ હકદાર છો.આ દસ્તાવેજ અમોકમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદાર તથા અમારા વંશ,વાલી,વારસો ઈત્યાદીતમામને કબૂલ મંજૂર અને બંધનકર્તા છે.

(૬) કોઈપણ સંજોગોમાં ઉપર જણાવેલ કારણોસર નુકશાનની રકમ/ચુકવણું નિગમને ભરપાઇ ના થઇ શકે તેવા વખતેનિગમને જે કાંઇ નુકશાન અને ખર્ચ સહન કરવો પડે તે તમામ ખર્ચ અમો અમો કમિશનના ધોરણે વાહનમાંઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદાર નિગમને આપવા બંધાયેલા છીએ.અમોકમિશનના ધોરણે વાહનમાંઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદાર નિગમનું ચૂકવણું/રકમ /નુકશાની ભરપાઈ ન કરી આપીએ તો નિગમકમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદારપાસેથી દરેક પ્રકારનીમિલકતની તથા જાતની વસૂલ કરી લેવા હકદાર છીએ.

આ દસ્તાવેજ અમો ઈન્ડેમ્નીટી બોન્ડ લખી આપનાર કમિશનના ધોરણે વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદારરાજીખુશીથી,શુધ્ધબુધ્ધીથી કોઈપણ જાતની શેહશરમ કે દબાણ વગર અક્કલ,હોંશિયારીથી કરેલ છે.આ દસ્તાવેજ અમોને તથા અમારા વંશ,વાલી,વારસો તમામને કબૂલ મંજૂર અને બંધનકર્તા છે.

સ્થળ: (કોન્ટ્રાક્ટર)

તારીખ: ઈન્ડેમ્નીટી લખી આપનાર કમિશનના ધોરણે

વાહનમાં ઈંધણ પૂરવાની કામગીરીના ઈજારદારની સહી:

| | |
|---|---|
| સાક્ષીઓનું નામ અને સરનામું અને મોબાઇલ :- | નામ:- |
| (૧) | મોબાઇલ નંબર- |
| (૨) | સિક્કો :- |

14521C

| AS PER NEW CALCULATION 19.09.2017 (IOCL) | | | | | |
|---|---|---|---|---|---|
| | No.of Employe | Area(A,B,C.) | No. of Days | NEW RATE 19.09.2017 | Amount |
| Unskilled | 3 | 412.19 | 26 | 10717 | 32,151 |
| Semi-Skilled | 10 | 466.19 | 26 | 12121 | 121,209 |
| Skilled | 2 | 537.69 | 26 | 13980 | 27,960 |
| High-Skilled | 1 | 699.57 | 26 | 18189 | 18,189 |
| | | | | | 199,509 |
| | | PF | 13.15% | | 26,235 |
| | | ESI | 4.75% | | 9,477 |
| | | Bonus | 8.33% | | 16,619 |
| | | Gratuty | 4.81% | | 9,596 |
| | | Paid Leave | 4.81% | | 9,596 |
| | | | TOTAL | | **271,033** |

| AS PER GUJARAT STATE WAGES FROM 01.04.2017 | | | | | |
|---|---|---|---|---|---|
| | No.of Employe | | No. of Days | | Amount |
| Unskilled | 3 | 305.60 | 26 | | 23,837 |
| Semi-Skilled | 10 | 313.60 | 26 | | 81,536 |
| Skilled | 2 | 322.60 | 26 | | 16,775 |
| High-Skilled | 1 | 313.60 | 26 | | 8,154 |
| | | | | | 130,302 |
| | | PF | 13.15% | | 17,135 |
| | | ESI | 4.75% | | 6,189 |
| | | Bonus | 8.33% | | 10,854 |
| | | Gratuty | 4.81% | | 6,268 |
| | | Paid Leave | 4.81% | | 6,268 |
| | | | TOTAL | | **177,015** |

નોંધ :- ઉપર જણાવ્યા મુજબ [illegible] સમક્ષ
રાજ્યસરકાર જે રીતે ફિક્સ કરે તે રીતે લાગુ પડે છે તથા [illegible]

19th September 2017

Dear IOCL Dealer,

**Revision in Dealer's Margin with effect from 1.8.2017 : Clarification**

Dear Madam/Sir,

This is further to our email dated 02.09.2017 on the subject matter, wherein we had outlined the wage payment to your retail outlet employees.

We would like to answer the queries received from a number of dealers in this regard, which are as under:

1. You are required to pay minimum wages and meet other statutory obligations as notified under Minimum Wages Act of your State, to all employees of your retail outlet.

2. To motivate the employees of Retail Outlets to provide better quality of service standards and to deliver the assurances given to customers in terms of quality, quantity, cleanliness and behavior on forecourt, it has been decided that you pay IOCL notified wages [arrived on the basis of weighted average of Minimum Wages as applicable for scheduled employments in the Central sphere (applicable for Construction workers)]. Accordingly, provisions have been made for IOCL notified wages in the revised Dealer's Margin w.e.f. 1.8.2017, to compensate the dealers in this regard.

3. In rare cases, where State Government notified minimum wages is higher than IOCL notified wages, State notified minimum wages are payable.

4. In view of the above, IOCL notified wages to be paid to all employees of your retail outlet w.e.f. 1.8.2017 are as under:

| | | |
|---|---|---|
| a. | Manager | Rs. 15189* |
| b. | Skilled Manpower | Rs. 13980 |
| c. | Semi-Skilled Manpower | Rs. 12121 |
| d. | Un-Skilled Manpower | Rs. 10717 |

(* i. Not under the purview of Central /State Minimum Wages;
ii. For ROs selling lower volumes, where Dealer herself/himself may be working as Manager, this obviously shall not be applicable.)

5. As you are aware, besides the above monthly wages, the following are payable as per statutory provisions for the employees working at your retail outlet.viz. PF (13.15%), ESIC (4.75%), Bonus (8.33%), Earned/ annual Leave (4.81%) and Gratuity (4.81%).

We would like to reiterate:

a. Payment of wages for the month of August 2017 and onwards is required to be made through e-payment (RTGS/NEFT etc). To ensure e-payment, bank accounts may please be opened immediately, if not already done.

b. You are requested to keep the wage register and e-payment details ready all the time for verification by officials of the Corporation.

c. Further, employees of your Retail outlet are to be covered immediately, if not done already, for the following:

i. **PMSBY** (Pradhan Mantri Suraksha Bima Yojana).

ii. **PMJJBY** (Pradhan Mantri Jeevan Jyoti Bima Yojana).

In case the wages paid to employees for August 2017 is less than the amount notified by IOCL, as per the foregoing, the differential amount may please be paid latest by 26.9.17, positively.

Trust this will motivate your employees and shall result in improved customer services at your Retail Outlet.

Thanking You,

**Team Retail**
**Indian Oil Corporation Limited (Marketing Division)**